સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/
2651800
E-mail :
saurashtrabhoomi@gmail.com
Website :
www.saurashtrabhoomi.com




જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

વર્ષ : ૪૮ અંક : ૨૦૯ જૂનાગઢ તા.૧૫-૦૮-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 209, Junagadh : Date : 15 August, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

### આજે ૭૮મા સ્વાતંત્ર્ય પર્વની દેશભરમાં હર્ષોલ્લાસ સાથે ઉજવણી : વડાપ્રધાન મોદીએ લાલ કિલ્લા પરથી ૧૧મી વાર તિરંગો ફરકાવ્યો

# દેશમાં યુનિફોર્મ સિવિલ કોડ હોય, વન નેશન-વન ઈલેકશન, મહિલા પર અત્યાચાર કરનારને ફાંસી થાય : નરેન્દ્ર મોદી



નવી દિલ્હી તા.૧૫ આજે ૭૮મા સ્વાતંત્ર્ય પર્વ નિમિતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતા દિવસ પર ૧૧મી વખત લાલ કિલ્લા પર તિરંગો ફરકાવ્યો. આમ કરનાર તેઓ ત્રીજા વડાપ્રધાન બન્યા છે. તેમની પહેલાં પંડિત નેહરુએ લાલ કિલ્લા પરથી ૧૭ વખત અને ઈન્દિરા ગાંધીએ ૧૬ વખત તિરંગો ફરકાવ્યો હતો.

દેશ આજે ૧૫મી ઓગસ્ટે એનો ૭૮મો સ્વતંત્રતા દિવસ ઊજવી રહ્યો છે. પોતાના ૧૦૩ મિનિટના ભાષણમાં મોદીએ કહ્યું- આઝાદીના પ્રેમીઓએ આજે આપણને આઝાદીનો શ્વાસ લેવાનું સૌભાગ્ય આપ્યું છે. આ દેશ મહાપુરુષોનો ઋણી છે.

આપણા દેશનાં બાળકોને મેડિકલ અભ્યાસ માટે વિદેશમાં જવું પડે છે. આગામી પાંચ વર્ષમાં ૭૫ હજાર નવી મેડિકલ સીટો વધારવામાં આવશે. કોલકાતા રેપ-મર્ડર પર તેમણે કહ્યું- આવા રાક્ષસોને ફાંસી આપવી જોઈએ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું- અમે શાસનનું આ મોડલ બદલી નાખ્યું છે. આજે સરકાર પોતે જ લોકોની જરૂરિયાતો પૂરી કરી રહી છે. દેશમાં ૭૫ વર્ષથી કોમ્યુનલ સિવિલ કોડ છે. હવે દેશને સેક્યુલર સિવિલ કોડની જરૂર છે.

આજે વહેલી સવારે પીએમ મોદીએ રાજઘાટ જઈને મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી. ૭૮મા સ્વતંત્રતા દિવસની થીમ વિકસિત ભારત છે. આ અંતર્ગત આઝાદીના ૧૦૦મા વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે.

આ વખતે તેમણે ૧ કલાક ૩૮ મિનિટનું ભાષણ આપ્યું. વડાપ્રધાન મોદી સ્વતંત્રતા દિવસ પરના ભાષણમાં અનેક મુદ્દા ઉઠાવ્યા, જેમાં મુખ્ય વિષય તરીકે UCC, વન નેશન-વન ઈલેકશન, મેડિકલક્ષેત્રે ભારતની પ્રગતિ અને બાંગ્લાદેશમાં હિન્દુઓની ચિંતા વિશે વાત કરી.

લાલ કિલ્લા પરથી પોતાના સંબોધન દરમિયાન વડાપ્રધાન મોદીએ બાંગ્લાદેશમાં હિંદુઓ પર હુમલા અને મંદિરોમાં તોડફોડ સહિત ઘણા મહત્ત્વના મુદ્દાઓ પર લાલ કિલ્લાની પરથી સ્પષ્ટ સંદેશ આપ્યો. તેમણે સ્પષ્ટ કહ્યું કે બાંગ્લાદેશમાં જે પણ થયું, તેને લઈને પાડોશી દેશ તરીકે ચિંતા થવી વ્યાજબી છે.

પીએમએ કહ્યું કે હું આ સમજી શકું છું. મને આશા છે કે ત્યાંની સ્થિતિ જલ્દી જ સામાન્ય થઈ જશે. ખાસ કરીને ૧૪૦ કરોડ દેશવાસીઓની ચિંતા એ છે કે ત્યાં હિંદુ અને લઘુમતી સમુદાયોની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે. ભારત હંમેશા ઈચ્છે છે કે આપણા પાડોશી દેશો સુખ અને શાંતિના માર્ગે ચાલે. ટૂંક સમયમાં બાંગ્લાદેશ વિકાસના માર્ગ પર ચાલશે.

**સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ**
(જૂનાગઢ આવૃતિ)
**અંક બંધ**

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય (જૂનાગઢ આવૃતિ) સ્વાતંત્ર્ય પર્વ ૧૫ ઓગસ્ટ નિમિતે રજા પાળતું હોય, તા. ૧૬-૮-૨૦૨૪નો અંક પ્રસિધ્ધ થશે નહી. તા. ૧૭-૮-૨૪ શનિવારનો અંક રાબેતા મુજબ પ્રસિધ્ધ થશે. જેની વાંચકો, વિજ્ઞાપનદાતાઓ, ફેરીયાઓએ નોંધ લેવી.

- વ્યવસ્થાપક

### મહિલા ડોકટરના રેપ વીથ મર્ડર કેસમાં

## કોલકતામાં મોડી રાત્રે હિંસા અને વિરોધ પ્રદર્શન : ઉશ્કેરાયેલા ટોળાએ હોસ્પિટલમાં તોડફોડ કરી : લાઠીચાર્જ

કોલકતા તા.૧૫ કોલકાતાના ડૉક્ટર બળાત્કાર-હત્યા કેસની પીડિતા માટે ન્યાયની માંગ સાથે બંગાળના ઘણા શહેરોમાં મોડી રાત્રી સુધી વિરોધ પ્રદર્શન ચાલી રહ્યા હતા. કોલકાતાની આરજી કાર હોસ્પિટલમાં પણ આવું જ પ્રદર્શન થયું હતું. આ દરમિયાન હોસ્પિટલમાં ભારે હોબાળો શરૂ થયો હતો. ડોક્ટરો અને સ્ટાફને માર મારવામાં આવ્યો હતો. ભીડને કાબૂમાં લેવા માટે પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો હતો.

મધ્યરાત્રિએ કોલકાતાની આરજી કરી મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ભારે હોબાળો થયો હતો. વિરોધ પ્રદર્શન દરમિયાન અચાનક એક બેકાબૂ ભીડ ઘૂસી ગઈ અને હોસ્પિટલમાં હોબાળો મચાવ્યો હતો. ઈમરજન્સી વોર્ડને પણ નિશાન બનાવાયો હતો. ડોક્ટરો અને સ્ટાફને પણ માર મારવામાં આવ્યો હતો. પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે પથ્થરમારો થયો હતો. બેકાબૂ ભીડને કાબૂમાં લેવા માટે પોલીસે લાઠીચાર્જ કર્યો અને ટીયર ગેસના શેલ પણ છોડ્યા હતા.

આર.આઈ.એલ.-જામનગર : વિશ્વનું સૌથી વિશાળ રિફાઈનિંગ મથક



રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની જામનગરમાં આવેલી દૈનિક ૧.૨૪ મિલિયન બેરલ ક્ષમતા ધરાવતી રિફાઈનરી વિશ્વની એક જ સ્થળે આવેલી સૌથી મોટી રિફાઈનરી તરીકે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. આ રિફાઈનરી વિવિધ પ્રકારના ક્રૂડના શુદ્ધિકરણની ક્ષમતા ધરાવે છે અને તે પણ વિશ્વભરમાં સૌથી ઓછી કિંમતે. આ સંકુલનો ઝડપી વિકાસ જ ભારતના પરિવર્તનના કેન્દ્રમાં રહેલો છે. આ રિફાઈનરી સ્થપાતા ભારત પેટ્રોલિયમ ઉત્પાદનોના આયાતકારમાંથી તેનું નિકાસકાર બન્યું અને તે રીતે દેશની ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત બની. આર.આઈ.એલ. વિશ્વના સૌથી મોટા સંકલિત પેટ્રોરસાયણ ઉત્પાદકોમાં સ્થાન ધરાવે છે અને તેનું લક્ષ્ય વિશ્વના ટોચની પાંચ સૌથી નફાકારક કંપનીઓમાં સ્થાન પ્રાપ્ત કરવાનું છે.

સુનિશ્ચિત કરે છે દેશની ઊર્જા સુરક્ષા

રિલાયન્સ
ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ
વૃદ્ધિ એ જ જીવન




CMYK CMYK CMYK

# જૂનાગઢ સામાજીક વનીકરણ વિભાગ દ્વારા ૭૫મા વન મહોત્સવની જ્ઞાન બાગ ગુરૂકુળ ખાતે ઉજવણી






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૫

ગુજરાતમાં હરીયાળી લાવવા અને સમગ્ર રાજ્યમાં વૃક્ષ આવરણ વધારવા માટે વડાપ્રધાનએ ''એક પેડ માં કે નામ''ના અભિયાન પર્યાવરણ બાબતે લોકોમાં જાગૃતતા આવે જે બાબત સાથે વન મહોત્સવની ઉજવણી ઉપર ખુબ જ ભાર મૂકેલ. જે અંતર્ગત જૂનાગઢ મહાનગર પાલિકા વિસ્તારમાં આવેલ જ્ઞાનબાગ ગુરૂકુળ ખાતે જૂનાગઢ મહાનગરપાલિકા કક્ષાના ૭૫માં વનમહોત્સવ કાર્યક્રમની ઊજવણી કરવામાં આવેલ હતી.

આ કાર્યક્રમની શરૂઆત શ્રી જ્ઞાનબાગ ગુરૂકુળ, સાબલપુર, જૂનાગઢના વિદ્યાર્થી દ્વારા સ્વાગત ગીત રજૂ કરી કરવામાં આવેલ હતી. તા.૧૪-૮-૨૦૨૪ના રોજ જૂનાગઢ મહાનગર પાલિકા કક્ષાનો ૭૫ માં વન મહોત્સવના પાવન પર્વ કંકુ-અક્ષત સ્વરૂપ શબ્દોથી આ કાર્યક્રમના નોડલ ઓફિસર અને મદદનીશ વન સંરક્ષક, જૂનાગઢ સામાજીક વનીકરણ વીભાગ, ગીર સોમનાથ દ્વારા આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહાનુભાવોનું ઊષ્માસભર સ્વાગતથી કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમના અધ્યક્ષડો. ઓમ પ્રકાશ IAS, મ્યુનિસિપલ કમિશ્નર, જૂનાગઢ તથા પ્રશાંત તોમર, નાયબ વન સંરક્ષક, સામાજીક વનીકરણ વિભાગ, ગીર સોમનાથ તથા રાજદિપસિંહ ઝાલા, નાયબ વન સંરક્ષક, ગીર પૂર્વ વન વિભાગતથા આશીષભાઈ કાચા, કેમ્પસ ડાયરેકટર, જ્ઞાનબાગ ગુરૂકુળ, જૂનાગઢ તથા એલ.સી.પટેલ, નિયામક, જ્ઞાનબાગ ગુરૂકુળ, જૂનાગઢ તથા જે.પી. વાજા, આસીસ્ટન્ટ કમિશ્નર, મહાનગરપાલિકા, જૂનાગઢ તથા કિશોરભાઈ ચોટલીયા, ડાયરેકટર, જે.સી.આઇ., જૂનાગઢ તથા ચિરાગ કોડેચા, પ્રેસીડન્ટ, જે.સી.આઇ., જૂનાગઢ તથા આર.બી.રાઠોડ, તાલુકા વિકાસ અધિકારી, જૂનાગઢ તથા અલ્પેશ ચાવડા, ઈજનેર, મહાનગરપાલિકા, જૂનાગઢ વગેરે અધિકારી/પદાધિકારી ઉપસ્થિત રહેલ હતા. રાજદિપસિંહ ઝાલા, નાયબ વન સંરક્ષક, ગીર પૂર્વ વન વિભાગ અને હાલ આ કાર્યક્રમના વરિષ્ઠ વન અધિકારી દ્વારા તમામ મહાનુભાવોનું શબ્દોથી સ્વાગત કરી વૃક્ષ, પર્યાવરણ અને વન્યપ્રાણીનું મહત્વ સમજાવવામાં આવેલ હતું. આશીષભાઈ કાચા, કેમ્પસ ડાયરેકટર, જ્ઞાનબાગ ગુરૂકુળ, જૂનાગઢ દ્વારા વન અને દરેક લોકો એક વૃક્ષ વાવે તેનું મહત્વ સમજાવવામાં આવેલ હતું. અધ્યક્ષનું ઉદ્દબોધન ડો. ઓમ પ્રકાશ IAS, મ્યુનિસિપલ કમિશ્નર, જૂનાગઢ દ્વારા વૃક્ષ અને પર્યાવરણનું મહત્વ સમજાવવામાં આવેલ તેમજ વડાપ્રધાનએ ''એક પેડ માં કે નામ''ના અભિયાન પર્યાવરણ બાબતે લોકોમાં જાગૃતતા આવે જે બાબત સાથે વન મહોત્સવની ઉજવણી ઉપર ખુબ જ ભાર મૂકેલતથા દરેક એક વૃક્ષ વાવે તેવી અપીલ કરવામાં આવેલ હતી. આભાર વિધી એ.એ.ચાવડા, રેન્જ ફોરેસ્ટ ઓફીસર, માણાવદર દ્વારા કરવામાં આવેલ હતી. ૭૫માં વન મહોત્સવમાં સામાજીક વનીકરણ વિભાગ, ગીર સોમનાથમાં આવતા જૂનાગઢ જીલ્લામાં આવતી કુલ ૧૩ ખાતાકીય નર્સરીઓમાં ૧૫.૫૭ લાખ રોપાઓનું વાવેતર કરી ઉછેર કરવામાં આવેલ જેમાંથી અત્યાર સુધીમાં ૧૧.૧૧ લાખ રોપઓનું વિતરણ અલગ-અલગ જગ્યાએ કરવામાં આવેલ છે.

તેમજ ૭૫માં મહાનગરપાલિકા કક્ષાના વન મહોત્સવ ઉજવણી કાર્યક્રમ દરમ્યાન શ્રી જ્ઞાનબાગ ગુરૂકુળ, સાબલપુર, જૂનાગઢ ખાતે અધિકારીઓ તથા મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ. તેમજ જૂનાગઢ ખાતે આવેલ એન.સી.સી. કેમ્પસમાં ૫૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. તેમજ વૃક્ષ રથનું પ્રસ્થાન પણ ઉપસ્થિત તમામ મહાનુભાવોના હસ્તે કરવામાં આવેલ હતું. જે અંતર્ગત જૂનાગઢ સીટી વિસ્તારમાં અલગ-અલગ જગ્યાઓ ઉપર ૧૫૦૦૦ રોપાઓનું વિતરણ કરવામાં આવેલ હતું. સમગ્ર કાર્યક્રમ વન વિભાગ દ્વારા જ્ઞાનબાગ ગુરૂકુળ, સાબલપુર, જૂનાગઢ ખાતે ઉજવવામાં આવેલ હતો અને કાર્યક્રમનું સફળ સંચાલન એલ.એચ. સુત્રેજા, મદદનીશ વન સંરક્ષક, જૂનાગઢ સામાજીક વનીકરણ વીભાગ, ગીર સોમનાથ દ્વારા કરવામાં આવેલ હતું.

# દેશભક્તિના રંગે હિલોળે ચડ્યું ગુજરાત : મુખ્યમંત્રીના નેતૃત્વમાં રાજ્યકક્ષાના ચાર અને જિલ્લા કક્ષાના ૩૩, તાલુકા કક્ષાના ૨૫૨ અને ૧૦ હજારથી વધારે ગામોમાં ભવ્ય કાર્યક્રમો યોજાયા : હર્ષ સંઘવી

## હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત ૧૫ લાખથી વધુ નાગરિકો રાષ્ટ્રભક્તિના રંગે રંગાયા : રાજ્યના વિવિધ ૭૫ આઈકોનીક સ્થળો ઉપર યોજાયેલા કાર્યક્રમો બન્યા આકર્ષણનું કેન્દ્ર



(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૫

રાષ્ટ્રધ્વજના સન્માનમાં તા.૮થી ૧૫ ઓગસ્ટ સ્વતંત્રતા સપ્તાહ દરમ્યાન રાજ્યના લોકોમાં રાષ્ટ્રધ્વજ અને દેશ માટે ગર્વની ભાવના જાગે એ માટે રાષ્ટ્રીય સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે સ્વતંત્રતા સપ્તાહ દરમ્યાન 'હર ઘર તિરંગા' તથા 'તિરંગા યાત્રા' કાર્યક્રમનું રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહવાનને ઝીલીને સમગ્ર દેશ દેશભક્તિના રંગે રંગાયું છે. રાષ્ટ્રીય ચેતનાને એક તાંતણે બાંધવાનો અવસર એટલે 'હર ઘર તિરંગા' અભિયાન જેમાં ગુજરાતના નાગરિકો પણ ઉત્સાહભેર જોડાઈ રહ્યાં છે. ઉમંગ-ઉત્સાહ અને દેશભક્તિપૂર્ણ માહોલ વચ્ચે કેન્દ્રીય આરોગ્યમંત્રી જગતપ્રકાશ નડ્ડા, કેન્દ્રીય જળશક્તિમંત્રી સી.આર. પાટીલ તથા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ગુજરાતમાં રાજકોટના રેસકોર્સથી તિરંગા યાત્રાનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો. જેમાં રાજકોટ મહાનગરપાલિકાના ૫૦,૦૦૦ નાગરિકો તિરંગા યાત્રામાં જોડાયા હતાં. સુરત ખાતે કેબિનેટ જળશકિત મંત્રી સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં ૧.૨૫ લાખ કરતા વધારે નાગરિકો તિરંગા યાત્રામાં જોડાયા હતા. વડોદરા ખાતે મંત્રી હર્ષભાઈ સંઘવીએ ફ્લેગ ઓફ કરીને નવલખી મેદાન ખાતેથી તિરંગા યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું જેમાં ૪૦ હજાર કરતા વધુ નાગરિકો તિરંગા યાત્રામાં સહભાગી થયા હતાં. આ ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં અમદાવાદમાં 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત તિરંગા યાત્રા યોજાઈ હતી. જેમાં પોલીસ વિભાગની વિવિધ પ્લાટુન, એસ.આર.પી. જવાનો, પોલીસ બેન્ડ, ફાયરના જવાનો, વિવિધ શાળાઓનાં બાળકો તથા શિક્ષકો, રમતવીરો, વિવિધ સમાજના નાગરિકો મળીને અંદાજિત દોઢ લાખથી વધુ લોકો તિરંગા યાત્રામાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યકક્ષાના ચાર કાર્યક્રમો, જિલ્લા કક્ષાના ૩૩ કાર્યક્રમો, તાલુકાઓના હેડક્વાર્ટર ખાતે ૨૫૨ કાર્યક્રમો અને ૧૦ હજાર કરતા વધારે ગામોમાં 'હર ઘર તિરંગા' અંતર્ગત યાત્રાઓ અને વિવિધ કાર્યક્રમ યોજાયા હતાં. રાજ્યના ૧૩૬ જેટલા સરહદી ગામોમાં તિરંગા યાત્રાનું ઉત્સાહભેર આયોજન થયુ હતું તેમ યુવક સેવા અને સાંસ્કૃતિક મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ છે. રાજયભરમાં ૯૮૦ જેટલી સામાજીક સંસ્થાઓ દ્વારા તિરંગાયાત્રાનું રંગેચંગે આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાજ્યની ૨૦૦૦ થી વધારે શાળાઓમાં 'હર ઘર તિરંગા' ની થીમ પર રંગોળી સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા જેવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતાં. રાજયના ૭૫ જેટલા આઈકોનીક સ્થળો પર તિરંગા યાત્રાનું આયોજન થયું હતું. વલસાડ શહેર ખાતે બે કિલોમીટર લાંબી તિરંગા યાત્રામાં ૪૦૦ મીટર લંબાઈના તિરંગાએ સૌનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. જ્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બરડા ડુંગરની ટોચ પર આવેલ ૨૦૯૦ ફુટની ઉંચાઈ ધરાવતા ''આભાપરા'' ટેકરી પર તિરંગો લહેરાવી આ તિરંગા યાત્રાને જિલ્લાનાં દુર્ગમ અને સામાન્ય જન-જીવનથી દૂર રહેતા નેશવાસીઓ સુધી પહોંચાડી તેમને રાષ્ટ્રભકિતની ભાવનાથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. રાજયના સરહદી વિસ્તારો બનાસકાંઠામાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તિરંગાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પોલીસ જવાનો દ્વારા ૨૦૦ મીટર લાંબા તિરંગા સાથેની આ યાત્રા સૌ કોઈના આકર્ષણનું કેન્દ્ર બની હતી.

જ્યારે કચ્છના જિલ્લાના આઈકોનિક પ્લેસ માંડવી શહેરમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. દાહોદ ખાતે તિરંગા યાત્રા દરમિયાન બુરહાની ગાર્ડસ દ્વારા દેશ ભક્તિના ગીતો સ્પેશ્યલ બેન્ડ ટીમ દ્વારા વગાડવામાં આવ્યા હતાં. અત્રે ઉલેખ્ખનીય છે કે, ૭૮માં સ્વાતંત્ર દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી ખેડા જિલ્લા ખાતે થનાર છે. સમગ્ર ખેડા જિલ્લામાં સ્વાતંત્ર પર્વને ઉજવવા દેશભકિતને લગતા અનેક કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. જેના ભાગરૂપે એસ.આર.પી ગ્રાઉન્ડથી ઈપ્કોવાલા હોલ, નડિયાદ સુધી ૪ કિમી લાંબી તિરંગાયાત્રા યોજાઇ હતી. જેમાં ૫૦૦૦થી વધુ નાગરિકો ભારત માતા કી જય ના જયઘોષ સાથે જોડાયા હતા, અને નડિયાદ વાસીઓએ ઠેર ઠેર ફુલ વર્ષા કરી ઉમળકાભેર તિરંગાયાત્રાનું સ્વાગત કર્યું હતું. આ ઉપરાંત રાજ્યમાં સ્વાતંત્ર દિવસ નિમિત્તે જિલ્લા કક્ષાના, તાલુકા કક્ષાના અને ગ્રામ્ય કક્ષાના વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે, જેમાં નાગરિકો ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે.

# કોડિનાર ખાતે હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ




(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૧૫

હર ઘર તિરંગા અભિયાન ગીર સોમનાથ જિલ્લામાં વેગવતું બન્યું છે. જિલ્લાના નાગરિકો ઉત્સાહપૂર્વક 'હર ઘર તિરંગા' અભિયાનમાં જોડાઈ રહ્યા છે. કોડિનાર નગરપાલિકા દ્વારા ધારાસભ્ય ડો.પ્રદ્યુમન વાજાની અધ્યક્ષતામાં ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી.

કોડિનારના ધારાસભ્ય ડો.પ્રદ્યુમન વાજાની અધ્યક્ષતા હેઠળ કુમાર શાળા, ઉના રોડથી મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ સહિતનાં વિસ્તારોમાં ભ્રમણ કરીને દેવળી રોડ સુધી આ રેલી યોજાઈ હતી. આ સમગ્ર રેલી દરમિયાન રાષ્ટ્રભક્તિ ઉજાગર કરતા જયઘોષથી રસ્તાઓ ગુંજી ઉઠ્યા હતા અને સાંસ્કૃતિક કાર્યક્રમોએ ભારે આકર્ષણ જમાવ્યું હતું.આ તિરંગાયાત્રા માં સોમનાથ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ, રાજદીપ સ્કૂલ, શાહ એમ એમ હાઈસ્કૂલ, ગર્લ્સ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધેલ શાળાની બાળાઓ દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરેલ હતી અને છેલ્લે વૃક્ષારોપણ કરી અને આમ કાર્યક્રમ નગરપાલિકા દ્વારા સફળ આયોજન કરવામાં આવેલ હતું.

આ તિરંગા યાત્રામાં નગરપાલિકા ચીફ ઓફિસર વિનોદ રાઠોડ, કોડિનાર મામલતદાર એન.જી.રાદડિયા માર્કેટિંગ યાર્ડના ચેરમેન સુભાષભાઈ ડોડીયા, કોડીનાર તાલુકા ભાજપ પ્રમુખ ભગવાનભાઈ પરમાર, કેટીસી બેંકના ચેરમેન પ્રતાપભાઈ ડોડીયા, ખરીદ વેચાણ સંઘના ચેરમેન દિલીપભાઈ મોરી, તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ પરમાર,તાલુકા પંચાયતના ટીડીઓ બગ્ગુરીયા, જીલ્લા પંચાયત-તાલુકા પંચાયત તેમજ નગરપાલિકાના પૂર્વ સદસ્યો, સરપંચ,અધિકારીગણ કોડીનાર નગરપાલિકાના કર્મચારી ગણ હાજર રહેલ સ્થાનિક અગ્રણીઓ, અધિકારીઓ, શાળાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ ઉમંગભેર ભાગ લીધો હતો.

# નડિયાદમાં 'એટ હોમ' સમારોહમાં નાગરિકો સાથે સ્વતંત્રતા પર્વની શુભેચ્છાઓની આપ-લે કરતા રાજ્યપાલ અને મુખ્યમંત્રી




રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રબુદ્ધ નાગરિકો સાથે મુલાકાત કરી શુભેચ્છાઓની આપ-લે કરી

(પ્રતિનિધિ દ્વારા)

નડિયાદ તા.૧૫

નડિયાદમાં ૭૮મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યક્ષાની ઉજવણીની પૂર્વ સંધ્યાએ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'એટ હોમ' સમારોહ દરમ્યાન પ્રબુદ્ધ નાગરિકો સાથે મુલાકાત કરી શુભેચ્છાઓની આપ-લે કરી હતી. નડિયાદમાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ખાતે આયોજિત 'એટ હોમ' કાર્યક્રમના પ્રારંભે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનું પોલીસ બેન્ડના ડ્રમ રોલની સુરાવલી સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પોલીસ વડા વિકાસ સહાયે તેમને આવકાર્યા હતા. બાદમાં રાષ્ટ્રગીતનું ગાન થયું હતું. એસ.એન.વી ઈન્ટરનેશનલ શાળાના વિદ્યાર્થીઓએ દેશભક્તિના ગીતોની પ્રસ્તુતિ કરી હતી. રાજ્યપાલ અને મુખ્ય મંત્રી અરેરાના ૧૦૨ વર્ષના સ્વાતંત્ર્ય સેનાની કેસરીસિંહ પરમારને તેમની પાસે જઈ મળ્યા હતા અને ક્ષેમકુશળ પૂછ્યા હતા. આ પ્રસંગે રાજ્યપાલએ જણાવ્યું કે, આપણે આપણા કર્તવ્યોનું પાલન કરીશું તો જ રાષ્ટ્ર મહાન બનશે. પ્રત્યેક ક્ષણ આપણે જે જવાબદારી સંભાળી રહ્યા છીએ તેને ઈમાનદારીથી પૂર્ણ કરીશું તો જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત'ના લક્ષ્યને સિદ્ધ કરી શકીશું. તેમણે વધુમાં જણાવ્યું કે, અનેક યોદ્ધાઓના લોહીની આહુતિ બાદ મહામૂલી આઝાદી મળી છે, ત્યારે ભવિષ્યની પેઢીને તેને ઉત્તમ રીતે જાળવીને આપવાની જવાબદારી આપણા સૌની છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે નગર શ્રેષ્ઠિઓને આહવાન કરતાં જણાવ્યું કે, આપણે આપણું કર્મ સારી રીતે કરતાં રહીશું તો પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરવામાં યોગદાન આપી શકીશું. નડિયાદની બળુકી ધરાના મહાત્મ્યનું વર્ણન કરતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, સ્વાતંત્ર્ય સંગ્રામમાં ખેડા જિલ્લા સહિત સમગ્ર ચરોતર અગ્રદૂત હતો. આ ભૂમિએ સાક્ષરો, સંતો અને સ્વાતંત્ર વીરોની મહામૂલી ભેટ દેશને આપી છે. સમગ્ર દેશને એક કરનાર સરદાર વલ્લભભાઈ પટેલની જન્મભૂમિ છે, તો રવિશંકર મહારાજ, બબલભાઈ મહેતા, ઈન્દુલાલ યાજ્ઞિક જેવા કર્મવીરો આ માટીમાંથી મળ્યા છે તેમ જણાવી તેમણે સ્વાતંત્ર્ય સેનાનીઓનું પૂણ્ય સ્મરણ કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આરંભાયેલા 'એક પેડ માં કે નામ' અભિયાન થકી જળ-વાયુ પરિવર્તન જેવી પર્યાવરણીય સમસ્યાનો સામનો કરી શકાશે તેમ કહી તેમણે નાગરિકોને મહત્તમ વૃક્ષો વાવવા આહવાન કર્યું હતું. રાસાયણિક ખાતરોના દુષ્પ્રભાવથી ખાદ્ય પદાર્થો ઝેરી બની રહ્યા હોવાની ચિંતા વ્યકત કરતાં રાજ્યપાલશ્રીએ આ સમસ્યાનો સામનો કરવા માટે પ્રાકૃતિક કૃષિ જ એક માત્ર વિકલ્પ હોવાનું ભારપૂર્વક જણાવ્યું હતું. આ બાબતને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રીય અભિયાન બનાવી બજેટમાં પ્રાકૃતિક કૃષિને મહત્વ આપ્યું છે તેની પ્રશંસા કરી હતી.

# ચોરવાડના ખેરા ગામે વૃધ્ધનો ઝેરી દવા પી આપઘાત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૫

ચોરવાડના ખેરા ગામે રહેતા વૃધ્ધે કોઈ કારણોસર ઝેરી દવા પી લેતા મોત નિપજયાનું ચોરવાડ પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ચોરવાડ પોલીસ મથકે ગોવીંદભાઈ જીવાભાઈ ડાકીએ જાહેર કરેલ કે પોતાના મૃતક પિતા જીવાભાઈ (ઉ.વ.૬૦)વાળાએ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# જૂનાગઢમાં ધંધાખારને કારણે માર માર્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢનાં હાઉસીંગ બોર્ડમાં રહેતા હિતેશભાઈ ગીરજાશંકર ઠાકરે ભાવિકભાઈ પટેલ, પ્રતિકભાઈ પટેલ, ભાવિક પટેલનાં પિતા સામે બી ડીવીઝન પોલીસમાં ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામના આરોપીઓ તેમની ઝાંઝરડા રોડ અક્ષર પ્લાઝા ખાતે આવેલ એગ્રોની દુકાનની બાજુમાં ફરીયાદીની દુકાન આવેલી હોય જે આરોપીઓને પસંદ ન હોય તે વાતનું મનદુઃખ રાખી ફરીયાદી સાથે બોલાચાલી કરી આરોપી નં. ૧ તથા ૨એ જપાજપી કરી ઢીકાપાટુનો માર મારી તથા આરોપી નં. ૩નાએ લાકડી વડે માર મારી શરીરે ઈજાઓ કર્યાની ફરીયાદ નોંધાવતાં બી ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ શહેર અને વિસાવદરના દુધાળા ગામે જુગાર દરોડા : ૧૦ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ શહેરના ધારાગઢ રોડ અને વિસાવદરના દુધાળા ગામે પોલીસે જુગાર અંગે દરોડો પાડી ૧૦ને જાહેરમાં જુગાર રમતા ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ એ ડીવીઝન પોલીસે ધારાગઢ રોડ પર જાહેરમાં જુગાર રમતા દિલાવર અલ્લારખા જલવાણી, શકીલ સુલેમાન સમા, યુસુફભાઈ મુસાભાઈ ખેભર, આદીલ ઈશાકભાઈ શેખ અને રફીક ઉર્ફે પીપળો મહમદભાઈ કપડવંજીને ૨૦૫૭૦ના મુદ્દામાલ સાથે ઝડપી એ ડીવીઝન પોલીસ મથકે ધોરણસરની કાર્યવાહી કરી છે.

જયારે વિસાવદરના દુધાળા ગામે જાહેરમાં જુગાર રમતા જાહીદભાઈ અબ્દુલભાઈ કલમતી, જાનમહમદભાઈ દોસ્તમહમદભાઈ બ્લોચ, હિતેશભાઈ બાલુભાઈ પાટડીયા, મનોજભાઈ ભનુભાઈ મકવાણા અને કાંતીભાઈ કનુભાઈ પરમારને ૧૧૨૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ પોલીસે તમામ સામે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# માળીયા હાટીના તાલુકાના લાડુડી ગામે શેઢા પાડોશીઓ બાખડયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૫

માળીયા હાટીના તાલુકાનાં લાડુડી ગામે રહેતા ગીતાબેન દેવભમાઈ જોરાએ તેના જેઠ લખમણભાઈ, કાકાજી સસરાના દિકરા દેવાભાઈ પરબતભાઈ, સોતલબેન દેવાભાઈ પરબતભાઈ, જેઠાણી નીમુબેન લખમણભાઈ સામે માળીયા હાટીના પોલીસમાં ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં ફરીયાદી તથા સામાવાળા આરોપીઓ વચ્ચે ખેતર વાડીએ જવા માટેનો રસ્તો સંયુકતમાં હોય જે રસ્તામાંથી આ કામનાં ફરીયાદી તથા સાહેદ દેવભાઈ નીકળતા જે બાબતનું મનદુઃખ રાખી આ કામનાં ચારેય આરોપીઓએ ફરીયાદીને શરીરે આડેધડ ઢીકાપાટુનો માર મારી તથા આરોપી નં. ૧નાએ લાકડી વડે આ કામના ફરીયાદીને જમણા હાથમાં માર મારી તમામ આરોપીઓએ આ કામના ફરીયાદી તથા સાહેદ દેવાભાઈને હવે પછી રસ્તામાંથી નીકળશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં તમામ આરોપીઓએ એકબીજાને મદદગારી કરી હોવાની ફરીયાદ નોંધાવતાં માળીયા હાટીના પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજ્યના કૃષિ અને જીલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ જૂનાગઢ ખાતે તિરંગા યાત્રામાં સહભાગી થયા

## ઐતિહાસિક બહાઉદ્દીન કોલેજથી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી સુધીની તિરંગા યાત્રામાં સાધુ સંતો, પદાધિકારીઓ-અધિકારીઓ વિદ્યાર્થીઓ, પોલીસ જવાનો અને નગરજનો મોટી સંખ્યામાં જોડાયા






### દેશભક્તિની શૂર સુરાવલી સાથે નીકળેલી તિરંગા યાત્રામાં અદમ્ય ઉત્સાહ જોવા મળ્યો : દેશભક્તિના માહોલમાં ભારત માતાનો જયકાર : જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે તિરંગા યાત્રાના સમાપન સાથે સંગીત સંધ્યા યોજાઈ

જૂનાગઢ, તા.૧૫

રાજયના કૃષિ અને જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ જૂનાગઢ ખાતે આજે તિરંગા યાત્રામાં સહભાગી થયા હતાં. ઐતિહાસિક બહાઉદ્દીન કોલેજથી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી સુધીની તિરંગા યાત્રામાં દેશભક્તિની શૂર સુરાવલી સાથે અદમ્ય ઉત્સાહ જોવા મળ્યો હતો.

મંત્રીએ ત્રિરંગા યાત્રાને ફ્લેગ ઓફ કરી બહાદ્દીન કોલેજ ખાતેથી પ્રારંભ કરાવ્યો હતો. આ તિરંગા યાત્રામાં સાધુ-સંતો, પદાધિકારીઓ-અધિકારીઓ વિદ્યાર્થીઓ, પોલીસ જવાનો, દ્ગઝઝ કેડેટ્સ અને નગરજનો મોટી સંખ્યામાં જોડાયા હતાં. ઉપરાંત સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ પણ તિરંગા યાત્રામાં સહભાગી બની હતી. તિરંગા યાત્રાના સમગ્ર રૂટ દરમ્યાન ભારત માતાનો જય ઘોષ કરવામાં આવ્યો હતો. સાથે જ સ્વાતંત્ર્ય સેનાનીઓની વેશભૂષા ધારણ કરેલા વિદ્યાર્થીઓએ તિરંગા યાત્રામાં જોડાયેલા લોકોનો ઉત્સાહ વધાર્યો હતો. ઉપરાંત તિરંગા યાત્રાના રૂટ ઉપર દેશભક્તિસભર ગીતોની પ્રસ્તુતિઓ પણ આપવામાં આવી હતી. આમ, સૌ કોઈએ અનેરા ઉત્સાહ સાથે હાથમાં તિરંગો લહેરાવી રાષ્ટ્રભાવના ઉજાગર કરી હતી.

આ પ્રસંગે કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતુ કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત પ્રત્યેક નાગરિકને રાષ્ટ્રધ્વજ ફરકાવા માટે આહવાન કર્યું છે, ત્યારે આપણે સૌ રાષ્ટ્રધ્વજને આપણા ઘર સહિતના સ્થળોએ ફહેરાવી રાષ્ટ્રભાવનાને ઉજાગર કરીએ અને રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં સહભાગી બની. તેમણે કહ્યું કે, વિશાળ સંખ્યામાં લોકો તિરંગા યાત્રામાં સહભાગી થવાથી રાષ્ટ્રભાવનાના વાતાવરણનું નિર્માણ થયું છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે તિરંગા યાત્રાનું સમાપન થયું હતું. અહીંના સરદાર પટેલ સભાગૃહ દેશભક્તિસભર સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંગીત સંધ્યાને મહાનુભાવો સહિત તિરંગા યાત્રામાં જોડાયેલા લોકોએ માણી હતી.

આ તિરંગા યાત્રા અને સંગીત સંધ્યાના કાર્યક્રમમાં શ્રી હરિ ગીરીબાપુ, ઈન્દ્રભારતીબાપુ સહિતના સાધુ-સંતો ઉપરાંત જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર, ધારાસભ્ય દેવાભાઈ માલમ અરવિંદભાઈ લાડાણી, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મુકેશભાઈ કણસાગરા, પૂર્વ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હરેશભાઈ પરસાણા, કમિશ્નર ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન, નિવાસી અધિક કલેકટર એન.એફ. ચૌધરી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ વી.પી. ચોવટીયા, પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા, શહેર ભાજપ પ્રમુખ પુનિતભાઈ શર્મા, પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ ડેપ્યુટી કમિશ્નર ઝાપડા સહિતના પદાધિકારી - અધિકારીઓ અને વિદ્યાર્થીઓ તથા નગરજનો જોડાયા હતા. કાર્યક્રમનું સંચાલન ગાયત્રીબેન શર્માએ કર્યું હતું.

# કેશોદમાં રૂા.૫.૨૦ કરોડના ખર્ચે નવનિર્મિત ટાઉનહોલનું લોકાર્પણ કરતા મંત્રી રાઘવજીભાઈ પટેલ

## તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સુદ્રઢ નાણાંકીય વ્યવસ્થાપનના પરિણામે શહેર અને ગામડાઓમાં અવિરત થઈ રહેલા વિકાસ કાર્યો





### અદ્યતન સુવિધાસભર ટાઉનહોલ કેશોદના નગરજનો માટે સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનશે

જૂનાગઢ, તા.૧૫

રાજયના કૃષિ અને જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલે કેશોદ મહાનગરપાલિકા દ્વારા રૂા.૫.૨૦ કરોડના ખર્ચે નવનિર્મિત સ્વામી વિવેકાનંદ ટાઉનહોલનું લોકાર્પણ કર્યું હતું.

કેશોદ શહેરના શરદ ચોક નજીક અદ્યતન સુવિધાઓથી સભર ટાઉનહોલને ખુલ્લો મુકતા મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શહેર અને ગામડાઓના વિકાસ માટે સુદ્રઢ નાણાકીય વ્યવસ્થાપન કર્યું છે, તેના પરિણામે નાણાંના અભાવે વિકાસ કાર્યો અટકતા નથી. એક સમયે એક સમયે હતો, ત્યારે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ પાસે મર્યાદિત આવકના સ્રોત હતા. આજે કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ યોજનાઓ હેઠળ નગરપાલિકા ગ્રામ પંચાયતોને ખૂબ જ મોટું અનુદાન મળી રહ્યું છે. આમ, રોડ રસ્તા, ગટર, બાગ બગીચા સહિત અનેક સુખાકારીના કાર્યો અવિરત થઈ રહ્યા છે.

આ પ્રસંગે મંત્રીએ અદ્યતન સુવિધાસભર ટાઉનહોલના નિર્માણ માટે કેશોદ નગરપાલિકાના હોદ્દેદારો અને અધિકારીઓને અભિનંદન પણ આપ્યા હતા. મંત્રીએ કેશોદના નગરજનોને રાષ્ટ્રીય પર્વ નિમિત્તે ચાલી રહેલા હર ઘર તિરંગા અભિયાન હેઠળ પોતાના ઘર સહિતના સ્થળોએ અચૂક તિરંગો લહેરાવી રાષ્ટ્રભાવના ઉજાગર કરવા અનુરોધ કર્યો હતો. ઉપરાંત વન મહોત્સવ અને એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષ વાવેતર માટે પણ અપીલ કરી હતી. આ પ્રસંગે ધારાસભ્ય દેવાભાઈ માલમે જણાવ્યું કે, આ અદ્યતન ટાઉનહોલના લોકાર્પણથી શહેરની શોભામાં વધારો થવાની સાથે લોકોની સુખાકારીમાં પધારો થશે સાથે. સાથે જ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને પણ વેગ મળશે. જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલે જણાવ્યું કે, કેશોદ નગરપાલિકાના પદાધિકારીઓ લોકોની સુખ સુવિધા વધે તે માટે ખંત થી કામ કરી રહ્યા છે, નગરપાલિકાના પ્રજાભિમુખ વહીવટથી જૂનાગઢ જિલ્લાની સાત નગરપાલિકાઓ પૈકી ટોચની નગરપાલિકા બની છે. તેમણે એમ પણ કહ્યું કે, માર્ગ અને મકાન વિભાગ હસ્તકના કેશોદ એરોડ્રામ, બસ સ્ટેન્ડ વગેરેના રસ્તાઓ નગરપાલિકાને સુપ્રત કરવા માટેની પ્રક્રિયા પણ ચાલી રહી છે. વધુમાં તેમણે જણાવ્યું કે, પદાધિકારીઓ-અધિકારીઓના સંકલનથી છેવાડાના માનવીના વિકાસ કાર્યો શક્ય બને છે. આ પ્રસંગે નગરપાલિકાના ચીફ ઓફિસર મુકેશ વાઘેલાએ શાબ્દિક સ્વાગત કરતા કહ્યું કે, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મળેલા અનુદાનથી ઉ૫૬ લોકોની બેઠક વ્યવસ્થા, વાતાનુકૂલિત, સાઉન્ડ સિસ્ટમ સહિતની અદ્યતન સુવિધાથી સજ્જ ટાઉનહોલના લોકાર્પણથી શહેરની શૈક્ષણિક, સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે ખૂબ ઉપયોગી બનશે. આ સાથે તેમણે ટાઉનહોલની જાળવણી માટે સહિયારા પ્રયાસો આવશ્યક ગણાવ્યા હતા.

અંતમાં કેશોદ શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ ભાલારાએ આભાર વિધિ કરી હતી. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ મેહુલ ગોંડલીયા, પૂર્વ ધારાસભ્ય વંદનાબેન મકવાણા, સ્ટેન્ડિંગ સમિતિના ચેરમેન અજય કોટક, અગ્રણી ચિરાગ ભોપાળા, પ્રાંત અધિકારી કિસન ગરચર, ડીવાયએસપી ઠક્કર, મામલતદાર સંદીપ મહેતા સહિત કેશોદ નગરપાલિકાના કોર્પોરેટર સહિતના પદાધિકારી-અધિકારી અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# વિવિધ રમતોમાં પ્રેમાનંદ સ્કૂલ જૂનાગઢના વિદ્યાર્થીઓ જીલ્લા કક્ષાએ વિજેતા થયા




જૂનાગઢ, તા.૧૫

ગુજરાત સરકારના રમત ગમત વિભાગ દ્વારા હાલમાં શાળાકીય કક્ષાએ વિવિધ રમતો યોજાઈ રહી છે. જેમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત તથા જુનાગઢ જિલ્લા રમત ગમત અધિકારી ની કચેરી દ્વારા આયોજિત અન્ડર-૧૯ વોલીબોલ ભાઈઓની સ્પર્ધામાં શ્રી પ્રેમાનંદ સ્કૂલની ટીમ જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા થયેલ છે. જે હવે રાજ્યકક્ષાએ રમવા જશે. અન્ડર ૧૪ બહેનોની ચેસ સ્પર્ધામાં પ્રેમાનંદ સ્કૂલની વિદ્યાર્થીની ખુંટી અક્ષીતા હિરેનભાઈ જિલ્લા કક્ષાએ દ્વિતીય નંબરથી વિજેતા થયેલ છે. તેઓ પણ હવે રાજ્ય કક્ષાએ જશે. અન્ડર ૧૪ લોન ટેનિસ સ્પર્ધામાં રૈયાણી ખનકબેન સુધીરભાઈ જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમાંકે વિજેતા થયેલ છે. તેઓ હવે રાજ્યકક્ષાએ રમવા જશે. એ જ રીતે અન્ડર ૧૭ ભાઈઓના કરાટે સ્પર્ધામાં ભરાડીયા દિવ્યેશ ભરતકુમાર સિલેક્ટ થયેલ છે. જેઓ પણ હવે રાજ્ય કક્ષાએ રમવા જશે. અંડર ૧૭ ગોળા ફેક્સ સ્પર્ધામાં સોરઠીયા આઈશા જીલ્લા કક્ષાએ દ્વિતીય ક્રમાંકે વિજેતા બનેલ છે. જે પણ આગળ રાજ્ય કક્ષાએ રમવા જશે.

આ ઉપરાંત સ્કૂલના અન્ય વિદ્યાર્થીઓએ આઠ જેટલી વિવિધ રમતોમાં ઝોન કક્ષાએ સુંદર પ્રદર્શન કર્યુંછે. જેમાંથી કેટલાક વિજેતા થયેલ વિદ્યાર્થીઓ આવનારા સમયમાં જિલ્લા કક્ષાએ રમવા જશે. શ્રી પ્રેમાનંદ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી પૂજ્ય મુક્તાનંદજી બાપુના જણાવ્યા અનુસાર આ દેશને તાકાત વાળા યુવાનો જોઈતા હોય તો અભ્યાસક્રમની સાથે રમત-ગમતને પણ પૂરૂ મહત્વ આપવું પડશે. સંસ્થાના ચેરમેન ગિજુભાઈ ભરાડ ડાયરેકટર ડો.માતંગભાઈ પુરોહિત તથા સમગ્ર સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# ભેંસાણ સરકારી કોલેજમા સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા એફવાયબીએના વિદ્યાર્થીઓની સમુહ ચર્ચા યોજાઈ

(પ્રતિનિધિ દ્વારા)



ભેંસાણ, તા.૧૫

સરકારી કોલેજ ભેસાણના સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા તારીખ ૧૪-૮-૨૦૨૪ બુધવારના રોજ એફવાયબીએ સેમ -૧ના મેજોર, માયનોર અને મલ્ટી વિષયના વિદ્યાર્થીઓની "Gender Equality in our Soci<sup>a</sup>y" વિષય ઉપર સમૂહ ચર્ચા યોજાઈ હતી. આ ચર્ચા સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો.પંકજ એમ.સોંદરવાનાં માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી જેમાં ડો.પંકજ એમ. સોંદરવા સમાજ જીવનમાં સ્ત્રી-પુરુષ સમાનતા વિશે પ્રાથમિક પરિચય આપ્યો હતો. આ કાર્યક્રમના કોર્ડીનેટર ડો.સચિન જે. પીઠડીયા સમુહ ચર્ચાના વિષય ઉપર વિદ્યાર્થીઓ સાથે સમૂહ ચર્ચા કરી હતી. ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા આ વિષય ઉપર પોતાના વિચારો વ્યક્ત કરવામાં આવ્યા. જેમાં સમાજ જીવનમાં સ્ત્રી અને પુરૂષ જે અલગ ક્ષેત્રમાં ભૂમિકા ભજવે છે તેની વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. આમ આ સમૂહ ચર્ચામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.

# રાજ્યના કૃષિ અને જીલ્લા પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલે વંથલીના ધંધુસર ગામે લોકોને હર ઘર તિરંગા અભિયાનમાં સહભાગી થવા આહવાન કર્યું

## એક પેડ માં કે નામ અંતર્ગત મંત્રીએ વૃક્ષારોપણ કર્યું : માતાની સ્મૃતિમાં દરેકને વૃક્ષ વાવેતર માટે અનુરોધ કર્યો : ધંધુસરના ગ્રામજનો- વિદ્યાર્થીઓએ મંત્રીને તિરંગો લહેરાવી આવકાર્યા




જૂનાગઢ, તા.૧૫

રાજયના કૃષિ અને જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલે વંથલીના ધંધુસર ગામે હર ઘર તિરંગા અભિયાનમાં સહભાગી થવા આહવાન કર્યું હતું. આ સાથે મંત્રીએ એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ પણ કર્યું હતું અને દરેક લોકોને માતાની સ્મૃતિમાં એક વૃક્ષના વાવેતર અને જતન માટે અનુરોધ કર્યો હતો. ધંધુસર ગામના અમૃત સરોવર ખાતે આયોજિત કાર્યક્રમમાં સંબોધિત કરતા કૃષિ મંત્રી મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું કે, નાગરિકોની રાષ્ટ્રભાવના બળવત્તર બને તે માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ હર ઘર તિરંગા અભિયાન શરૂ કર્યું છે, ત્યારે દરેક નાગરિકો પોતાના ઘર સહિતના સ્થળોએ તિરંગો ફહેરાવી રાષ્ટ્રભાવના ઉજાગર કરે. તેમ જણાવતા મંત્રીએ પ્રધાનમંત્રીએ અન્ય એક પર્યાવરણલક્ષી કરેલી પહેલ એક પેડ માં કે નામ અંતર્ગત વૃક્ષ વાવેતર અને જતન માટે અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે, વૃક્ષો ફળ-ફળાદી આપવાની સાથે વરસાદ પણ લાવે છે, કાર્બન ડાયોક્સાઈડ શોષીને પ્રાણવાયુ ઓક્સિજન આપે છે. આમ, વૃક્ષો અનેક રીતે ઉપયોગી છે ત્યારે એક પેડ માં કે નામ અંતર્ગત માતાની સ્મૃતિમાં એક વૃક્ષનું અચૂક વાવેતર કરીએ. તેમ મંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું. કાર્યક્રમના અંતે મંત્રી રાઘવજીભાઈ પટેલ સહિતના મહાનુભાવોએ અમૃત સરોવરની મુલાકાત કરી હતી અને આ પરિસરમાં વૃક્ષારોપણ કર્યું હતું.



જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેને શાબ્દિક સ્વાગત સાથે મંત્રી સહિતના મહાનુભાવોને આવકાર્યા હતા. અંતમાં સાવજ ડેરીના ચેરમેન શ્રી દિનેશભાઈ ખટારીયાએ આભાર વિધિ કરી હતી. ધંધુસરના ગ્રામજનો- વિદ્યાર્થીઓએ મંત્રીશ્રીને તિરંગો લહેરાવી આવકાર્યા હતાં. કાર્યક્રમના પ્રારંભે ધંધુસર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રભાવનાને રાષ્ટ્રભાવનાને દેશભક્તિસભર સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર, ધારાસભ્ય દેવાભાઈ માલમ, અરવિંદભાઈ લાડાણી, જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જાડેજા, પ્રાંત અધિકારી કનકસિંહ ગોહિલ સહિતના પદાધિકારી-અધિકારી, ગ્રામજનો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# છળકપટથી ધર્માંતરણની વધતી ઘટનાઓ

તાજેતરમાં જ આવેલા કેટલાક સમાચારો જોઇએ. ૨૯ જુલાઈએ ઉત્તર પ્રદેશ સરકારે છળકપટથી ધર્માંતરણ પર સજાને વધુ કઠોર કરવાનો નિર્ણય કર્યો અને આ સંદર્ભે એક સંશોધન વિધેયક વિધાનસભામાં રજૂ કર્યું. ૨૮ જુલાઈએ બરેલીથી સમાચાર આવ્યા કે છળ-છદ્મથી એક હિંદુ યુવકને ધર્માંતરિત કરવા માટે પાદરી સહિત ત્રણ લોકોની ધરપકડ કરાઈ. આ જ તારીખે રતલામથી સમાચાર આવ્યા કે ખેતરમાં પ્રાર્થના સ્થળ બનાવીને ધર્માંતરણ કરાઈ રહ્યું હતું. ફરિયાદ કરાતાં પોલીસ પહોંચી ગઈ અને ત્યાં તેને લગભગ ૧૫૦ આદિવાસીઓ મળ્યા. બીમારી દૂર કરવાની લાલચ આપીને ધર્માંતરણ કરાવવાના આરોપમાં પોલીસે કેટલાક લોકોની અટકાયત કરીને ફરિયાદ નોંધી. ૨૬ જુલાઈએ મુરાદાબાદથી એક સમાચાર આવ્યા કે એક ફેશન ઈન્સ્ટટ્યિૂટની સંચાલિકા રક્ષાંદા ખાન અને તેના પતિ શાહનવાઝ ખાનને તેમને ત્યાં આવતી યુવતીઓને ધર્માંતરણ કરવા માટે પ્રેરિત કરવાના આરોપમાં ધરપકડ કરી. ૨૫ જુલાઈએ રાંચીથી સમાચાર આવ્યા કે ઝારખંડ હાઈકોર્ટે 'ચંગાઈ સભા' દ્વારા આદિવાસીઓના ધર્માંતરણ પર રોક લગાવવાની માંગ કરતી જનહિત અરજી પર સુનાવણી કરતાં એ જિલ્લાઓનો વિસ્તૃત રિપોર્ટ માગ્યો, જ્યાં આદિવાસીઓનું લોભ-લાલચથી ધર્માંતરણ કરાવાય છે. કોર્ટે એ પણ પૂછ્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકાર તરપતી ધર્માંતરણ રોકવા માટે કયાં પગલાં ભરવામાં આવ્યાં છે? આ જ તારીખે લોકસભામાં ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ કહ્યું કે બાંગ્લાદેશથી થનારી ઘૂસણખોરી અને સાથે જ ધર્માંતરણને કારણે ઝારખંડમાં આદિવાસી આબાદી ઝડપથી ઘટતી જાય છે.

જો ૨૫ જુલાઈના અને એના પહેલાંના અખબારો ફેંદવામાં આવે તો દેશના કોઈને કોઈ હિસ્સામાં છળકપટથી ધર્માંતરણના સમાચારો મળી જશે. જેમ કે ૧૦ જુલાઈએ પ્રયાગરાજથી આવેલા સમાચારની નોંધ લેવી જરૂરી છે, જેમાં અલ્હાબાદ હાઈકોર્ટે કહ્યું કે લકોને ધર્મ એટલે કે મત-મજહબના પાલનની અને તેના પ્રચારની સ્વતંત્રતા તો છે, પરંતુ આ સ્વતંત્રતા ધર્માંતરણનો અધિકાર નથી આપતી. આ ટિપ્પણી કરતાં હાઈકોર્ટે અનુસૂચિત જાતિના ગરીબ હિંદુઓને કષ્ટોથી મુક્તિ અને બહેતર જીવનની લાલચ આપીને ઈસાઇ બનાવી દેવાના આરોપમાં ધરપકડ કરાયેલા શ્રીનિવાસ રાવ નાઈકને જામીન આપવાનો ઈનકાર કરી દીધો. અલ્હાબાદ હાઈકોર્ટની આ ટિપ્પણીએ ધ્યાન તો ખેંચ્યું કે બંધારણ મત પ્રચારની સ્વતંત્રતા આપે છે અને તેમાં ધર્માંતરણનો અધિકાર નથી, પરંતુ વસ્તુસ્થિતિ તો કંઈક જુદી જ છે.

બંધારણે આપેલ મત પ્રચારની સ્વતંત્રતાની આડમાં જ દેશમાં મોટા પાયે છળકપટ અને લોભલાલચથી ધર્માંતરણ થઈ રહ્યું છે. તેને કારણે દેશના કેટલાય હિસ્સાની જનસંખ્યા એટલે કે ડેમોગ્રાફી બદલાઈ ગઈ છે અને અન્ય હિસ્સાની ઝડપથી બદલાઈ રહી છે. ધર્માંતરણ સમસ્યા સ્વતંત્રતા પહેલાં જ શરૂ થઈ ગઈ હતી. મહાત્મા ગાંધી ઈસાઇ મિશનરીઓ દ્વારા છળકપટથી કરાવવામાં આવતા ધર્માંતરણના પ્રબળ વિરોધી અને ટીકાકાર હતા, પરંતુ સ્વતંત્રતા બાદ સરકારે ઈસાઇ મિશનરીઓને એ જાણવા છતાં પણ મત પ્રચારની સુવિધા આપી દીધી કે તેઓ ગરીબ લોકોને લાલચ આપીને ધર્માંતરણ કરાવવામાં સંડોવાયેલી છે. દુષ્પરિણામ એ આવ્યું કે તેમણે પૂર્વોત્તરના મોટાભાગના ક્ષેત્રોના આદિવાસીઓને ઈસાઇ બનાવી દીધા. પૂર્વોત્તર બાદ તેમની ગીધ દૃષ્ટિ દેશના અન્ય આદિવાસી બહુમતી રાજ્યો ઓડિશા, બિહાર, મધ્ય પ્રદેશ પર ગઈ. તેમણે અહીં પણ આદિવાસીઓનું મોટા પાયે ધર્માંતરણ કરાવવાનું શરૂ કરી દીધું. છેલ્લા કેટલાક દાયકામાં બિહારથી અલગ થયેલ ઝારખંડ અને મધ્ય પ્રદેશથી અલગ થઈને બનેલ છત્તીસગઢમાં મોટા પાયે આદિવાસીઓ ઈસાઇ બન્યા છે અને હજુ પણ બની રહ્યા છે. કેરળમાં ઈસાઇ મિશનરીઓ પહેલેથી જ સક્રિય હતી. પછી તેઓ તમિલનાડુ, કર્ણાટક અને આંધ્રમાં પણ સક્રિય થઈ ગઈ. કેટલાક સમયતી તે પંજાબની સાથે અન્ય રાજ્યોમાં પણ સક્રિય છે. વાસ્તવમાં હવે દેશનો કોઈપણ હિસ્સો તેમની ગતિવિધિઓથી વણસ્પર્શ્યો નથી. બંધારણે આપેલ મત પ્રચારની સ્વતંત્રતા તેમના માટે એક ઘાતક હથિયાર બની ગઈ છે, કારણ કે તેઓ આ સ્વતંત્રતાનો મનસ્વી ઉપયોગ ધર્માંતરણ માટે કરી રહી છે. જેમ ઈસાઇ મિશનરીઓ ઈચ્છે છે કે આખી દુનિયાના લોકો ઈસુની શરણમાં આવી જાય, એવું જ કંઈક ઈસ્લામી મતના પ્રચારક અને ઉપદેશકોનું પણ છે. એમ તો દરેક ધર્મ-મજહબના અનુયાયી એ ઈચ્છા રાખે છે કે તેમની ઉપાસના પદ્ધતિને અન્ય તમામ લોકો અપનાવે, પરંતુ એનો જેવો સનેપાત ઈસાઇ મિશનરીઓ અને ઈસ્લામી મત પ્રચારકો પર સવાર છે, તેનો જોટો નતી. ઈસાઇ મિશનરી અને ઈસ્લામિક દાવા સેન્ટર અથવા તબલીગ કરનારા મત પ્રચાર માટે વિદ્વેષનો સહારો લઈને બીજા મત-મજહબને નીચા દેખાડે છે. તેઓ બીજા મત-મજહબવાળા સમક્ષ યેનકેન પ્રકારે એવું સાબિત કરે છે કે તેમના ઈશ્વર, તેમના આરાધ્ય જૂઠ્ઠા, દીનહીન અને શક્તિહીન છે. તેઓ તમારું કલ્યાણ કરવાની ક્ષમતા નથી ધરાવતા. તેઓ એના પર લાંછન લગાવે છે અને તેની ખામીઓ ગણાવે છે. તેના માટે તેઓ બીજાઓના ધાર્મિક ગ્રંથોની ખોટી અને મનમાફક વ્યાખ્યા કરીને તેમને ભરમાવે છે. સ્પષ્ટ છે કે ધર્મ પ્રચારના નામે બંધારણે એક રીતે બીજા મત-મજહબની ધાર્મિક-સાંસ્કૃતિક માન્યતાઓ અને સાથે જ તેમના દેવી-દેવતાઓ વિરુદ્ધ વિદ્વેષ પ્રચારની સ્વતંત્રતા આપી દીધી છે. છળકપટ અને લોભ-લાલચથી ધર્માંતરણ કરાવનારા અને આજકાલ સાઈબર ઠગોમાં ખાસ વધારે અંતર નથી. સાઈબર ઠગનો શિકાર વ્યક્તિ ઠગાયા બાદ જાણી જાય છે કે તે ખોટા લોકોના હાથમાં ચડી ગયો. છળકપટથી ધર્માંતરણ કરાવનાર લોકોના ચુંગાલમાં ફસાયેલ વ્યક્તિને પોતાની સાથે થયેલ દગાબાજીનો આભાસ થવામાં સમય લાગે છે કે પછી તે આજીવન દગામાં જ જીવતો રહે છે.

# એક યુવક દ્વારા દેશ વ્યાપી છેતરપિંડીની ફરિયાદ સામે આવી

## પકડાયેલા શખ્સોએ ગાંધીધામના ૧૮ અને અમદાવાદના ૪ અને મોડાસામાં એક સહિત કુલ ૨૩ બેંક ખાતા અન્ય આરોપીઓને છેતરપિંડી માટે આપ્યા હોવાનું જાણવા મળ્યું છે

ગાંધીધામ,તા.૧૫

ગાંધીધામના નરેન્દ્ર કિશનભાઈ રાજપૂત અને મૂળ કચ્છના અને હાલ અમદાવાદમાં રહેતા પ્રમોદકુમાર ઉર્ફે આશિષ જાંગીરની ધરપકડ કરવામાં આવી છે. અમદાવાદના ગુરુકુળ વિસ્તારમાં રહેતી કચ્છની વતની હસ્મિતા ઠક્કર નામની યુવતીનું નામ પણ ભાડે આપવાના કેસમાં સામે આવ્યું છે. પકડાયેલા શખ્સોએ ગાંધીધામના ૧૮ અને અમદાવાદના ૪ અને મોડાસામાં એક સહિત કુલ ૨૩ બેંક ખાતા અન્ય આરોપીઓને છેતરપિંડી માટે આપ્યા હોવાનું જાણવા મળ્યું છે. હવે પોલીસે ૪ મોબાઈલ ફોન, લેપટોપ, જુદી-જુદી બેંકોની પાસબુક અને એક મળી આવી છે. . ક્રેડિટ કાર્ડ અને ચાર સીમકાર્ડ જપ્ત કરવામાં આવ્યા હતા. ગાંધીધામના સુંદરપુરીમાં રહેતા ચિરાગ સાધુએ પૂર્વ કચ્છ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી કે, નરેન્દ્ર કિશનભાઈ રાજપૂત તેનો મિત્ર છે અને તેણે અઢી મહિના પહેલા તેને ફોન કરીને તેના બેંક એકાઉન્ટનો ઉપયોગ કરવાની વિનંતી કરી હતી. ચિરાગને સમજાવ્યા બાદ નરેન્દ્રએ બેંક ઓફ કર્ણાટકમાં નવું ખાતું ખોલાવ્યું અને નવું સિમ અને એટીએમ કાર્ડ, પાસબુક પોતાની પાસે રાખી. થોડા દિવસો પછી નરેન્દ્ર ફરી સામસામે આવ્યો અને બધુ થંભી ગયું, તેણે ચિરાગ સાધુના દસ્તાવેજો પર બેંક ઓફ મહારાષ્ટ્રમાં બીજું ખાતું ખોલાવ્યું અને કહ્યું કે મિત્રના પૈસા આવશે ત્યારે જ મારા પૈસા છૂટી જશે. જે બાદ સમગ્ર કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું અને બેંક ખાતાની તપાસ કર્યા બાદ સાયબર ક્રાઈમ પોલીસને જાણ કરવામાં આવી હતી જેમાં ૯૦ લાખથી વધુના વ્યવહારો થયા હતા. ફરિયાદીના ખાતા પર જુદા જુદા રાજ્યોમાંથી સાત ફરિયાદો મળી હતી. ફરિયાદ નોંધાતાની સાથે જ પોલીસે નરેન્દ્રની ધરપકડ કરી હતી. ગાંધીધામના નરેન્દ્ર રાજપૂતની પૂછપરછમાં ખુલાસો થયો હતો કે તેણે ગાંધીધામના અલગ-અલગ ૧૮ લોકો અને મોડાસા અને અમદાવાદના ૫ લોકો પાસેથી નવા સિમકાર્ડ લીધા હતા અને કર્ણાટક બેંક ગાંધીધામ અને બેંક ઓફ મહારાષ્ટ્ર ગાંધીધામ અને અરવલ્લી જિલ્લાની બેંક ઓફ મોડાસામાં કુલ ૨૩ ખાતા ખોલાવ્યા હતા. મહારાષ્ટ્ર અલગ-અલગ તારીખે. તમામ ખાતાઓમાં કીટ અને એટીએમ હતા. પ્રમોદકુમાર ઉર્ફે આશિષ જાંગીડ મૂળ રાજસ્થાનના સીકર અને હાલ અમદાવાદના નિકોલ ખાતે રહે છે. જેમાં પ્રમોદ મૂળ ગાંધીધામમાં રહેતી અને હાલ અમદાવાદમાં રહેતી હસ્મિતા મનોજભાઈ ઠક્કર અને આદિપુરમાં રહેતા રાજ દીપકભાઈ ધનવાણીને પૈસા આપતો હતો. આથી પોલીસે પ્રમોદ કુમારની પણ ધરપકડ કરી હતી.પોલીસે હવે આ ૨૩ ખાતાઓ ફ્રીઝ કરી દીધા છે. કચ્છના પૂર્વ એસપી સાગર બાગમારે જણાવ્યું હતું કે, ગાંધીધામ અને અમદાવાદમાં સક્રિય આ ટોળકીએ અત્યાર સુધીમાં કુલ ૨૩ બેંક ખાતા ભાડે આપ્યા હતા. અત્યાર સુધીમાં આ ૨૩ ખાતાઓમાં ૧૨,૨૪,૨૭,૧૦૭ રૂપિયા જમા થયા છે. એ પણ સ્પષ્ટ છે કે આરોપીઓએ અન્ય સાથે છેતરપિંડી કરીને આ ૨૩ ખાતાઓમાં કુલ ૧૨.૨૪ કરોડ રૂપિયા જમા કરાવ્યા છે. હાલ પોલીસ આદિપુરની અને હાલ અમદાવાદમાં રહેતી અસ્મિતા મનોજભાઈ ઠક્કર અને આદિપુરમાં રહેતા રાજ દીપકભાઈ ધનવાણીને શોધી રહી છે.

પૂર્વ કચ્છ એસપીના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલા આરોપી નરેન્દ્ર અને પ્રમોદકુમાર અને હસ્મિતાનું મુખ્ય કામ તેમના પરિચિતો પાસેથી બેંક ખાતા ઉછીના લેવાનું છે. નરેન્દ્ર અને પ્રમોદકુમાર હિસાબ ભેગો કરીને હસ્મિતાને આપે છે જ્યારે હસ્મિતા આદિપુરના રાજને એટલે કે રાજ આ સમગ્ર કૌભાંડનો માસ્ટરમાઈન્ડ છે. પોલીસે જણાવ્યું હતું કે જો રાજ પકડાશે તો સમગ્ર ધંધો કોણ ચલાવે છે અને તે કેવી રીતે છેતરપિંડી કરે છે તે અંગેનું સમગ્ર સત્ય બહાર આવશે.

### સેફ્ટી સર્ટિફિકેટ રજાચિઠ્ઠી સાથે રજૂ કરવાના રહેશે

# બાંધકામની સાઈટ પરની આસપાસની મિલકતોને નુકસાન ના થાય માટે SOP જાહેર કરાઈ

## સાઈટો પર મોટાભાગે ટાવર ક્રેઈનના ઉપયોગ થતો હોય છે બાંધકામ સ્થાન પર કામ કરતા મજૂરો દ્વારા આ ટાવર ક્રેઈનના ઈન્સ્ટોલેશન/ ઓપરેશન ની કામગીરી થતી હોય છે

અમદાવાદ,તા.૧૫

અમદાવાદમાં બાંધકામની સાઈટ પરની આસપાસની મિલકતોને નુકસાન ના થાય માટે મ્યુનિસિપલ કમિશ્નર દ્વારા SOP જાહેર કરવામાં આવી છે. આ માર્ગદશિકા મુજબ નાગરિકો અને તેમની મિલ્કતોને થતા નુકશાન ટાળવા તેમજ વાહન વ્યવહાર જળવાય તે માટેના સૂચનો કરવામાં આવ્યા છે.

બાંધકામની સાઈટો પર મોટાભાગે ટાવર ક્રેઈનના ઉપયોગ થતો હોય છે. બાંધકામ સ્થાન પર કામ કરતા મજૂરો દ્વારા આ ટાવર ક્રેઈનના ઈન્સ્ટોલેશન/ ઓપરેશન ની કામગીરી થતી હોય છે. દરમ્યાન કેટલીક વખત અકસ્માતો પણ સર્જાતા હોય છે. મ્યુનિસિપલ કમિશનરે ટાવર ક્રેઈનના વપરાશ અંગે જાહેર કરેલી માર્ગદર્શિકા મુજબ એસ્ટેટ વિભાગ ધ્વારા બાંધકામની વિકાસ પરવાનગી અપાયેલ હોય અને બાંધકામની કામગીરી માટે કન્સ્ટ્રકશન સાઈટ પર સ્થળે કોઈ પણ પ્રકારની ટાવર ક્રેન ઈન્સ્ટોલેશન/ઓપરેશન કરવાની થતી હોય તેવા કિસ્સામાં કન્સ્ટ્રકશન માટેની ટાવર કેન ઈન્સ્ટોલેશન માટે ફેકટરી એકટ ૧૯૪૮ મુજબ સેફટી રિપોર્ટ અને સેફટી સર્ટિફિકેટ રજાચિઠ્ઠી સાથે રજૂ કરવાના રહેશે.

માલિક/ ડેવલોપર્સ વિગેરે દ્વારા ટાવર કેનના ઈરેકશન, હાઈટ ડિસમેન્ટલ અને ઓપરેશન અંગે માન્ય સ્ટ્રક્ચરલ એન્જીનીયરની દેખરેખ હેઠળ ટાવર ક્રેનના ટેકનીકલ સ્ટાફ ટીમની હાજરીમાં સુપરવાઈઝિંગ એન્જિનીયરના માર્ગદર્શન હેઠળ કરવાના રહેશે તથા ટાવર કેન અને તેના પાર્ટસની સલામતીના રિપોર્ટ રજૂ કરવાના રહેશે. ટાવર કેનનો ઉપયોગ પ્લોટ હદની બહાર થતો હોય તેમજ કામગીરી દરમિયાન ટ્રાફિકને અસર થાય તેમ હોય તો જરૂર જણાવે પોલીસ કલીયરન્સ મેળવી લેવાનું રહેશે, ઓવરહેડ ઈલેકટ્રીક લાઈન, હાઈ ટેન્શન મીડ લાઈન, ઓઈલ/ ગેસ વિગેરે પાઈપલાઈનોથી નિયત કન્ટ્રોલલાઈન મુજબનું સલામત અંતર જાળવીને ટાવર ક્રેનનું ઈન્સ્ટોલેશન અને ઓપરેશન કરવાનું રહેશે. ટાવર કેનના ઉપરના ટોચનાં ભાગમાં એરક્રાફ્ટ વોર્નિંગ લાઈટ જોગવાઈ કરવાની રહેશે.તથા વખતોવખત તેનું ચેકીંગ કરવાનું રહેશે. ટાવર કેન અંગે કન્સ્ટ્રકશન સાઈટ ઉપર સલામતી અંગે જરૂરી કોર્ડન/ સલામતીની સંજ્ઞાઓ(સાઈનેજ) વિગેરેનું સ્થળે ઈન્સ્ટોલેશન કરવાનું રહેશે. અમદાવાદ મ્યુનિસિલ વિસ્તારની હદમાં આવેલ બાંધકામની સાઈટો પર થતા કામમાં ટાવર કેનના વપરાશ દરમિયાન આજુબાજુની મિલકતો અને નાગરિકોને નુકસાન થશે તો સંપૂર્ણ જવાબદારી ટાવર કેન સંચાલકો તથા માલિક/ ડેવલોપર્સની રહેશે.

# ગુજરાત પોલીસના ૨૧ કર્મચારીઓ થશે સન્માનિત

## ૧૦૩૭ સુરક્ષાકર્મીઓને તેમની અસાધારણ સેવાઓ માટે સન્માન આપવામાં આવશે

અમદાવાદ,તા.૧૫

ગુજરાત પોલીસના ૨૧ કર્મચારીઓને સન્માનિત કરવામાં આવશે. આ વર્ષે દેશ ગુરુવારે ૭૮મો સ્વતંત્રતા દિવસ ઉજવવા જઈ રહ્યો છે.

ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્વતંત્રતા દિવસના એક દિવસ પહેલા બુધવારે સરકારે જવાનોને રાષ્ટ્રપતિ મેડલ આપવાની જાહેરાત કરી છે. આ વર્ષે પોલીસ, ફાયર, હોમગાર્ડ અને સિવિલ ડિફેન્સ અને સુધારાત્મક સેવાઓના કુલ ૧૦૩૭ જવાનોને વીરતા અને સેવા ચંદ્રક આપીને સન્માનિત કરવામાં આવશે. ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર નિવેદન અનુસાર, ૧૦૩૭ સુરક્ષાકર્મીઓને તેમની અસાધારણ સેવાઓ માટે સન્માન આપવામાં આવશે. DGP વિકાસ સહાયએ આ પોલીસ કર્મચારીઓને શુભેચ્છા આપી હતી.વિગતો મુજબ, વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ ચંદ્રક (PSM) સેવામાં ખાસ કરીને વિશિષ્ટ રેકોર્ડ માટે આપવામાં આવે છે, અને મેડલ ફોર મેરીટોરિયસ સર્વિસ (MSM) સંસાધન અને ફરજ પ્રત્યેની નિષ્ઠા ધરાવતી મૂલ્યવાન સેવા માટે એનાયત કરવામાં આવે છે. ત્યારે ગુજરાતમાંથી કુલ ૧૯ પોલીસ કર્મચારી અને અધિકારીઓને મેડલની જાહેરાત થઈ છે. ગુજરાતના ૨ પોલીસ અધિકારીઓને રાષ્ટ્રપતિ ચંદ્રક PSMથી સન્માનિત કરાશે, જ્યારે ૧૯ પોલીસ અધિકારી/ કર્મીઓને મેરીટોરીયસ સર્વિસ MSMથી સન્માનિત કરાશે.

જે લોકોને સન્માન મળશે, તેમના નામ ગૃહ મંત્રાલયે જાહેર કરી દીધા છે. જેમાં ગુજરાતથી DSP બળવંતસિંહ હેમતુજી ચાવડાને પ્રેસિડેન્ટ મેડલથી સન્માનિત કરવામાં આવશે. સબ ઈન્સ્પેકટર ભરતકુમાર મનુભાઈ બોરાણાને પણ પ્રેસિડેન્ટ મેડલ એનાયત કરવામાં આવશે.

### ન્યૂઝીલેન્ડનું ડેલિગેશન ગુજરાતની મુલાકાત

# કૃષિ, ડેરી ઉદ્યોગ, પ્રવાસન-સાંસ્કૃતિક સહિતના સંબંધો વધારવા તરફ પ્રયાણ

## ભારત-ન્યૂઝીલેન્ડ સંબંધો વિકસ્યા છે તેને આગળ ધપાવવા ગુજરાત સહયોગ આપશે ન્યૂઝીલેન્ડ સાથે ફાર્મર એક્સેન્જ પ્રોગ્રામ શરૂ કરવા તૈયારી દર્શાવી

અમદાવાદ,તા.૧૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ન્યૂઝીલેન્ડના ૯ સભ્યોના ડેલિગેશને ગાંધીનગરમાં લીધી હતી. ન્યુઝીલેન્ડના કૃષિ, વન અને વાણિજ્ય મંત્રી તથા વિદેશી બાબતોનાં એસોસિયેટ મંત્રી ટોડ મેકકલે તેમજ ભારત સ્થિત ન્યુઝીલેન્ડના હાઈ કમિશનર પેટ્રિક રાતાનાં નેતૃત્વમાં ૯ સભ્યોનું પ્રતિનિધિમંડળ ગુજરાત સાથે વ્યૂહાત્મક પાર્ટનરશીપ માટે મુખ્યમંત્રીની મુલાકાતે આવ્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથેની આ મુલાકાત બેઠકમાં તેમણે ગુજરાત સાથે કૃષિ, ડેરી ઉદ્યોગ, સહકાર, રિન્યૂએબલ એનર્જી, પ્રવાસન ક્ષેત્રે સહકાર અને બંને દેશોના લોકોમાં પરસ્પર લાંબાગાળા સુધી સૌહાર્દપૂર્ણ રીતે સાંસ્કૃતિક સંબંધો આગળ વધે તે માટે ઉત્સુકતા દર્શાવી હતી. ભૂપેન્દ્ર પટેલે ડેલિગેશનને આવકારતા કહ્યુ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિઝનરી લિડરશીપમાં ભારત-ન્યૂઝીલેન્ડના સંબંધો વિકસ્યા છે. ગુજરાત આ દ્વિપક્ષીય સંબંધોને વધુ આગળ ધપાવશે એવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો. મુખ્યમંત્રીએ ગુજરાતમાં ગાય આધારિત ખેતીથી ખેડૂતોની આવક બમણી કરવા માટેનું તેમનું વિઝન શેર કર્યું હતું.

વધુમાં, ગુજરાત અને ન્યુઝીલેન્ડને કૃષિ-સહકાર અને ડેરી ક્ષેત્રે લાભદાયી એવા 'ખેડૂત વિનીમય કાર્યક્રમ (ફાર્મર એક્સચેંજ પ્રોગ્રામ)' શરૂ કરવા પર ભાર મૂક્યો હતો. ન્યૂઝીલેન્ડ ડેરી ટેકનોલૉજીમાં અગ્રણી દેશ છે. ડેરી વિકાસમાં આ ટેકનોલૉજીનો લાભ ગુજરાતને પણ મળે તે માટે મુખ્યમંત્રીએ કૃષિ, ડેરી ઉદ્યોગ, પશુપાલન અને સહકારી ક્ષેત્રોમાં સહયોગ અંગે ચર્ચા કરી હતી. આ ઉપરાંત ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓની નવીનતમ વિચારસરણીને પોષવા માટે સમયાંતરે બેઠકો અને વર્કશોપ યોજાય તેવી ઈચ્છા પણ ડેલીગેશન સમક્ષ વ્યક્ત કરી હતી.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

કરેલા કાર્યોના ફળ ભોગવ્યા વિના છૂટકો નથી.

- ઉત્તરાધ્યયન

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ફરવરદીન-૧૩૯૪, મુ. સફર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, શ્રાવણ સુદ-૧૦ બૃહસ્પતિ પૂજન, ઝુલન યાત્રા, સ્વાતંત્ર્ય દિન, પારસી નૂતન વર્ષ, પતેતી તા.૧૫ ઓગષ્ટ ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૧, મુસ્લિમ તા.૧૦, જયેષ્ઠા નક્ષત્ર, વૈધૃતિ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૨૮, સૂ.અ.૭:૨૩ આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય), બપોરે ૧૨:૫૩ ક. પછી જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ચિંતાનો ઉકેલ મળે. આરોગ્ય સંભાળવું.
વૃષભ:ભાગીદારીથી લાભ થાય. પ્રિય પાત્રનો સહકાર મળે.
મિથુન:નાણાંભીડ તીવ્ર બને. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.
કર્ક: કાર્યબોજ હળવો બને. નવિન શુભ સમાચાર મળે.
સિંહ: પુરૂષાર્થ પછી વિશેષ ફળ મળે. પ્રવાસમાં લાભ થાય.
કન્યા: મનમાં વ્યર્થ ક્રોધ રહે. સ્નેહિ-પડોશીથી સંઘર્ષ ટાળવો.
તુલા: વાહન-મકાનની ખરીદી થાય. લાભની તક સાંપડે.
વૃશ્ચિક:મિલન-મુલાકાતમાં સફળતા મળે. કાર્યો સફળ થાય.
ધન: માનસિક ચિંતા રહે. નાણાંભીડ અનુભવાય.
મકર: ભાઈ-ભાંડુથી લાભ થાય. નવિન આયોજન કરી શકશો.
કુંભ: જમીન-મકાનને લગતા કાર્યોમાં સફળતા મળે. ધન ખર્ચ થાય.
મીન: સ્નેહિથી મિલન, સંતાનોથી લાભ, મન પ્રફુલિત રહે.

# મૃત્યુ પામેલા મિત્રના વિરહમાં યુવકનો ફાંસો ખાઈ આપઘાત

રાજકોટ,તા.૧૫

જેતપુરના કેરાળી પાસે યુવાનનો મૃતદેહ મળ્યા બાદ તેના મિત્રની લાશ વાડીમાંથી મળી આવતા ચકચાર ફેલાઈ છે. આ ઘટનામાં પોલીસ તપાસમાં અકસ્માતમાં મિત્રનું મોત થતા મિત્રને લાગી આવતા વાડીએ ફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું ખુલ્યું છે. કેરાળી ગામ નજીક બાઈક અકસ્માતમાં બાઈક ચાલકનું મૃત્યુ થયું હોવાની જાણ પોલીસને કરતા પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ કરી હતી. જેમાં બાઈકચાલક પ્રભાત છગનભાઈ ઝાલાનો મૃતદેહ પડેલો જોવા મળ્યો હતો. તેની પાસે અકસ્માલતગ્રસ્ત બાઈક મળી આવ્યું હતું. આ બનાવની જાણ પ્રભાતભાઈના પરિવારજનોને કરાતા તેનો પરિવાર બનાવના સ્થળે પહોંચ્યો હતો. તેમણે પોલીસને જણાવ્યું હતું કે પ્રભાતની સાથે તેના મિત્ર રાયલાભાઈ ઉર્ફે વરજીભાઈ તેરસિંહ કલેશ હતો. આથી પોલીસે સ્થભળ તપાસ કરતા બાઈક પાસેથી બે જોડી ચપ્પઈલ મળી આવતા સાથે કોઈ હોવાનું જાણવા મળ્યું હતું.આ અંગે વધુ તપાસ પોલીસે શરૂ કરી હતી. જેમાં પ્રભાતભાઈના મિત્ર રાયલાભાઈ કેરાળી ખાતે આવેલી વાડીમાં મજુરીકામ કરતા હતા, તે વાડીએ ઝાડ પર ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા. આ ઘટનાની જાણ થતાં પોલીસે તપાસ શરૂ કરી હતી. આ બનાવ અંગે પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યુંત છે કે પ્રભાતભાઈનું અકસ્માતમાં મૃત્યુ થતા તેના મિત્ર રાયલાભાઈને લાગી આવ્યું હતું કે તે પ્રભાતભાઈના પરિવારને શું જવાબ આપશે?

# ૮૬ કેદીઓને રાજ્ય માફી આપી જેલમુક્ત કરવા આદેશ

અમદાવાદ, તા.૧૫ : સ્વતંત્ર પર્વની પૂર્વ સંધ્યાએ માનવીય સંવેદનાસ્પર્શી અભિગમ દાખવી રાજ્યની જેલોમાં સારો વ્યવહાર અને વર્તણૂક રાખનાર કેદીઓ માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી દ્વારા દાખવવામાં આવેલા આ માનવીય અભિગમ થકી તા.૧૫મી ઓગષ્ટ, સ્વતંત્ર પર્વની પૂર્વ સંધ્યાએ વધુ ૮૬ કેદીઓ જેલમુક્ત થશે. રાજ્યની જેલોમાં સારો વ્યવહાર-વર્તણૂક રાખનાર પાત્રતા ધરાવતા કેદીઓને કેદમુક્ત કરવાના આ નિર્ણયથી આ કેદીઓને પોતાના પરિવાર સાથે જીવન જીવવાની નવી તક મળશે. ભારત સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આપેલા દિશાનિર્દેશ અનુસાર નિયત કરાયેલી કક્ષાના કેદીઓને રાજ્ય માફી આપવામાં આવી છે. અગાઉ વર્ષ ૨૦૨૩માં ૧૦૩ કેદીઓ અને વર્ષ ૨૦૨૪માં ૨૪૮ કેદીઓને રાજ્ય માફી આપી કેદ મુકત કરવામાં આવેલા છે. જે પૈકી હાલ ૮૬ કેદીઓ કેદ મુકત કરાયા છે. ગુજરાતમાં આ સાથે વર્ષ-૨૦૨૩ અને ૨૦૨૪ દરમિયાન કુલ ૩૫૧ કેદીઓને રાજ્ય માફીનો લાભ આપવામાં આવ્યો છે.

# શેખ હસીનાએ અમેરિકા ઉપર લગાવ્યા ગંભીર આરોપ, વચગાળાની સરકારને સત્તા સોંપવા સામે ચેતવણી ઉચ્ચારી



(એજન્સી) તા.૧૫

બાંગ્લાદેશમાં અનામત માટે શરૂ થયેલ આંદોલન બાદમાં હિંસક બની જતા બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ રાજીનામું આપી દેવું પડ્યું હતું અને તેઓ દેશ છોડીને ભાગી ગયા હતા. હાલમાં તેઓ ભારતમાં છે. હવે શેખ હસીનાએ પોતાની સરકારના પતન પાછળ અમેરિકાનો હાથ ગણાવ્યો છે. તેમણે આરોપ લગાવ્યો કે, અમેરિકાને સેન્ટ માર્ટીન ટાપુ ન સોંપવાના કારણે મને સત્તામાંથી હાંકી કાઢવામાં આવી છે, જે તેમને બંગાળની ખાડીમાં પોતાનું પ્રભુત્વ સ્થાપિત કરવા માટે સક્ષમ બનાવે છે. તેમણે બાંગ્લાદેશી નાગરિકોને કટ્ટરપંથીઓથી ગેરમાર્ગે ન દોરાવાની અપીલ કરી છે. એક અહેવાલ પ્રમાણે પોતાના નજીકના સહયોગીઓ દ્વારા મોકલવામાં આવેલા સંદેશમાં હસીનાએ કહ્યું કે, મેં રાજીનામું એટલા માટે આપ્યું છે કે મારે મૃતદેહોનું સરઘસ ન જોવું પડે. તેઓ વિદ્યાર્થીઓના મૃતદેહો ઉપર સત્તામાં આવવા માંગતા હતા, પરંતુ મેં તેની મંજૂરી ન આપી અને મેં વડાપ્રધાન પદ ઉપરથી રાજીનામું આપી દીધું. જો મેં સેન્ટ માર્ટિન ટાપુની સંપ્રભુતા અમેરિકાને સમર્પિત કરી દીધી હોત અને તેને બંગાળની ખાડીમાં પોતાનું પ્રભુત્વ સ્થાપિત કરવાની પરવાનગી આપી દીધી હોત તો હું સત્તામાં બની રહી હોત. હું મારા દેશના લોકોને વિનંતી કરું છું કે, કૃપા કરીને કટ્ટરપંથીઓની વાતમાં ન આવો. હું ટૂંક સમયમાં સ્વદેશ પરત ફરીશ.

અહેવાલમાં શેખ હસીનાનો હવાલો આપતા જણાવ્યું કે, જો હું દેશમાં રહી હોત તો વધુ લોકોએ જીવ ગુમાવ્યા પડ્યા હોત અને વધુ સંસાધનો અને જાહેર મિલકતોને નુકસાન થયું હોત. મેં દેશ છોડવાનો ખૂબ જ મુશ્કેલ નિર્ણય લીધો. હું તમારી નેતા બની કારણ કે તમે મને પસંદ કરી, તમે મારી તાકાત છો. એ જાણીને હું ખૂબ જ દુઃખી છું કે, મારી પાર્ટી અવામી લીગના ઘણા નેતાઓ માર્યા ગયા છે અને કાર્યકરોને પરેશાન કરવામાં આવી રહ્યા છે અને તેમના ઘરોમાં તોડફોડ કરવામાં આવી રહી છે અને આગચંપી થઈ રહી છે. ખુદાની કૃપાથી હું ટૂંક સમયમાં પરત ફરીશ. અવામી લીગ પડકારો સામે લડીને વારંવાર ઉભી થઈ છે. હું હંમેશા બાંગ્લાદેશના ભવિષ્ય માટે પ્રાર્થના કરીશ, જે રાષ્ટ્રનું સ્વપ્ન મારા મહાન પિતાએ જોયું હતું અને તેના માટે પ્રયાસ કર્યા હતા. જે દેશ માટે મારા પિતા અને પરિવારે પોતાનો જીવ આપ્યો છે. શેખ હસીનાએ કહ્યું હતું કે, તેઓ લોકશાહીને ખતમ કરવાનો અને એવી સરકાર લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે જેનું કોઈ લોકતાંત્રિક અસ્તિત્વ જ નહીં હોય. સૂત્રોનો દાવો છે કે કથિત રીતે સરકારી નોકરીઓમાં અનામતનો વિરોધ કરતી વખતે ઉપદ્રવ મચાવનારા તોફાનીઓ વાસ્તવમાં એ વિદેશી તાકાતના હાથમાં રમી રહ્યા હતા જે બાંગ્લાદેશમાં 'સત્તા પરિવર્તન'ની યોજના બનાવી રહ્યા હતા. હસીનાના નજીકના અવામી લીગના કેટલાક નેતાઓએ પણ ઢાકામાં સત્તા પરિવર્તન માટે અમેરિકાને જવાબદાર ઠેરવ્યું છે. તેમનું કહેવું છે કે મે મહિનામાં ઢાકાની મુલાકાત લેનાર વરિષ્ઠ અમેરિકન રાજદ્વારીનો આની પાછળ હાથ છે. અવામી લીગના નેતાઓએ આરોપ લગાવ્યો છે કે, અમેરિકન રાજદ્વારી શેખ હસીના પર ચીન વિરૂદ્ધ પહેલ કરવા દબાણ કરી રહ્યા હતા. હસીનાની પાર્ટીના એક નેતાએ બાંગ્લાદેશમાં યુએસ એમ્બેસેડર પીટર હાસ ઉપર બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP)ની તરફેણ કરવાનો આરોપ લગાવ્યો હતો. હાસે જુલાઈમાં પોતાનો કાર્યકાળ પૂર્ણ કર્યો હતો. અમેરિકી સરકાર માનવ અધિકાર અને ચૂંટણી પ્રક્રિયાને લઈને શેખ હસીના અને તેમની પાર્ટીની સતત ટીકા કરી રહી હતી. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે આ વર્ષે જાન્યુઆરીમાં એક નિવેદનમાં કહ્યું હતું કે, બાંગ્લાદેશમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી ન હતી કારણ કે, તમામ પક્ષોએ તેમાં ભાગ નહોતો લીધો. રશિયાના વિદેશ મંત્રાલયના પ્રવક્તા મારિયા ઝખારોવાએ ૧૫ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ અચાનક એક પ્રેસ બ્રીફિંગમાં કહ્યું હતું કે, જો શેખ હસીના આગામી ચૂંટણીમાં સત્તામાં આવશે તો અમેરિકા તેમની સરકારને ઉખેડી ફેંકવા માટે પોતાની તમામ શક્તિઓનો ઉપયોગ કરશે. તેમણે ચેતવણી આપી હતી કે, બાંગ્લાદેશમાં સત્તા પરિવર્તન લાવવા માટે અમેરિકા 'અરબ સ્પ્રિંગ' જેવી અરાજક સ્થિતિ ઊભી કરશે. તમને જણાવી દઈએ કે એક દાયકા પહેલા પશ્ચિમ એશિયા (મધ્ય પૂર્વ)માં 'અરબ સ્પ્રિંગ'ની આગેવાની શરૂઆતમાં યુનિવર્સિટી, કોલેજ અને શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી, જે ટ્યુનિશિયાથી શરૂ થઈ હતી અને ધીમે-ધીમે આ ક્ષેત્રના ઘણા દેશોમાં ફેલાઈ ગઈ હતી.

# બનાવટી કોસ્મેટીકસ પ્રોડકટનું ઉત્પાદન કરતી ફેક્ટરી પકડાઈ

## સુરતના પુણાગામ ખાતે ફેકટરીથી રૂા.૨૩ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરાયા

ગાંધીનગર, તા.૧૫

રાજયમાં અખાદ્ય પદાર્થો-ભેળસેળ યુકત પદાર્થોના ધિકતા હોવાની સાથે બનાવટી તથા ગેરકાયદેસર ચીજ-વસ્તુનું ઉત્પાદન બેફામ રીતે થઈ રહ્યા જ બનાવો સતત બની રહ્યા છે. જેમાં હવે સુરતના પુણાગામ ખાતે વગર પરવાને વિવિધ કોસ્મેટીક બનાવટોનું ઉત્પાદન કરતી ફેક્ટરી પકડી પાડીને તંત્ર દ્વારા શંકાસ્પદ કોસ્મેટીક બનાવટના કુલ ૯ નમુના લઈ ચકાસણી માટે મોકલી અપાયા છે અને રૂા.૨૩.૭૦ લાખનો બનાવટી કોસ્મેટીકનો મુદ્દામાલ જપ્ત કરાયો છે ખોરાક અને ઓષધ નિયમનો તંત્રના વાય.જી.દરજી, નાયબ કમિશ્નર (ચા.શા) ના માર્ગદર્શન હેઠળ તથા ગુજરાત રાજયની ફલાઈંગ સ્કોડના અધિકારી ડો. પી. બી. પટેલ મુખ્ય કચેરી, ગાંધીનગરના અને પ્રકાશ પૃસનાની, મદદનીશ કમિશ્નર, સુરત, તથા સુરત, ભરૂચ અનેર વલસાડ તંત્રના અન્ય અધિકારીઓ એ સાથે રહી ગેરકાયદેસર વગર પરવાને ઉત્પાદન કરતા કોસ્મેટીકની ફેકટરીમાં દરોડા પાડવામાં અવ્યા હતા. જેમાં (૧) સ્મિત એન્ટરપ્રાઈઝ, મોટા વરાછા, સુરત દ્વારા વગર પરવાને અન્ય કંપનીના નામ, સરનામા તથા અન્યના લાયસન્સ નંબરનો ઉપયોગ કરી કોસ્મેટીક બનાવટનું ઉત્પાદન કરતા તેના માલીક હિંમત વિઠલભાઈ વડાલીયાને ઝડપી પાડીને રૂા. ૪.૩૦ લાખનો મુદામાલ જપ્ત કર્યો છે તથા ૪ સેમ્પલ ચકાસણી અર્થે મોકલી આપ્યા છે. આ ઉપરાંત આજ ટીમ દ્વારા સી.કે કોર્પોરેશન, પુણાગામ ખાતે અલગ અલગ બ્રાન્ડની લેબલવાળી કોસ્મેટીક બનાવટોનો જથ્થો મોટી માત્રામાં મળી આવેલ. જેમાં તેઓ દ્વારા પ્રીશીલ લેબોરેટરી, વડોદરા ના નામ, સરનામા તથા લાયસન્સ નંબરનો તેઓની જાણ બહાર ઉપયોગ કરી કોસ્મેટીકનું ઉત્પાદન તેમજ પોતાના નામનું ઉત્પાદન કરી એમેઝોન, ફલીપકાર્ટ જેવા ઓનલાઈન પ્લેટફોર્મ ઉપર કોસ્મેટીકનુ વેચાણ કરતા નિકુલ ભીમજીભાઈ રૂખીનેર પકડી પાડીને આશરે રૂા.૨૦ લાખનો મુદામાલ જપ્ત કર્યો છે અને પાંચ સેમ્પલ ચકાસણી અર્થે મોકલી આપેલ છે. તંત્રની તપાસ દરમ્યાન અધિકારીઓએ ૯ નમુનાઓ નિયત ફોર્મ હેઠળ લઈ પૃથ્થકરણ અર્થે વડોદરાની લેબ ખાતે ચકાસણી અર્થે મોકલી આપ્યા છે. વધુમાં વિભાગમાં ડો. એચ. જી. કોશીયાએ જણાવ્યું છે આ ફેકટરીની તપાસ દરમ્યાન હકીકત ખુલેલ છે કે કોઈપણ જાતના પરવાના વગર ગેરકાયદેસર રીતે ગુણવત્તા વગરની કોસ્મેટીક બનાવટનું ઉત્પાદન તેમજ વેચાણ કરી જાહેર જનતાના આરોગ્ય તથા જીવન જોખમાય તેવું ખુબ જ ગંભીર કૃત્ય કર્યુ છે અને આ બાબતે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## અડધું રાજ્ય સાવ કોરૂધાકોર અડધામાં જળબંબાકાર

# ગુજરાતમાં વરસાદની પેટર્ન બદલાવા પાછળ ગ્લોબલ વોર્મિંગ જવાબદાર

અમદાવાદ,તા.૧૫

રાજ્યમાં આ વર્ષે વરસાદની વિશિષ્ટ આવનજાવન નોંધાઈ છે. એકબાજુએ અડધા ગુજરાતમાં સતત વરસાદ હતો અડધુ ગુજરાત સાવ કોરૂધાકોર હતું. દક્ષિણ ગુજરાતમાંર મેઘરાજા સતત ધબધબાટી બોલાવી રહ્યાં છે. પરંતુ મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં વરસાદની ખેંચ વર્તાઈ રહી છે. કલાઈમેટ ચેન્જની ગુજરાતની વરસાદી પેટર્ન ઉપર મોટી અસર થઈ છે. ગુજરાતની જે વરસાદી પેટર્ન બદલાઈ છે, તે સૌથી વધુ ખેડૂતો માટે ચિંતાજનક છે. આપણા દેશમાં ચોમાસા સમયે ખરીફ પાકની વાવણી થતી હોય છે. ત્યારે નિષ્ણાતોનું કહેવું છે કે, આવુ જ રહેશેતો ગુજરાતમાં પૂરની સ્થિતિમાં પણ વધારો થશે અને સાથે જ ખેડૂતોને પણ મોટું નુકસાન જશે. ખેડૂતો માટે માપસરનો વરસાદ ફાયદાકારક છે, પરંતુ અતિભારે વરસાદ નુકસાની વેરી શકે છે. વરસાદને કારણે ખેતીના પાક ઉપર પણ અસર થાય છે. કલાયમેટ ચેન્જના કારણે ગુજરાતમાં હવામાનની પેટર્ન બદલાઈ ગઈ છે. હવે ગુજરાતમાં અતિથી અતિ ભારે વરસાદ એટલે કે સતત ૮ ઈંચથી વધુ વરસાદ પડવાની ઘટનાઓમાં ઘટાડો થયો છે. ગ્લોબલ વોર્મિંગના કારણે વરસાદ પડવાની પેટર્ન બદલાઈ છે. જ્યાં પડે ત્યાં ખૂબ જ વરસાદ પડે છે અને જ્યાં નથી પડતો ત્યાં જરાય નથી પડતો. તાપમાન અને પવનની પેટર્નમાં થયેલા ફેરફારની અસર પડી છે. વરસાદની નબળી પેટર્ન માટે આ તમામ પરિબળો જવાબદાર છે. કલાઈમેટ ચેન્જના કારણે સૌરાષ્ટ્ર અને કચ્છમાં વરસાદનું પ્રમાણ વધ્યું છે. જો આવી સ્થિતિ રહી તો આ વિસ્તારોમાં આગામી સમયમાં પૂર આવવાની શક્યતા વધી જશે. એકસાથે પડતો ભારે વરસાદ ખેતી પાકને નુકસાન પહોંચાડી રહ્યો છે. આવું કેમ થયું તેનું મોટું કારણ ગ્લોબલ વોર્મિંગ છે. ગ્લોબલ વોર્મિંગને કારણે ગુજરાતમાં વરસાદનું આખું ચિત્ર બદલાઈ ગયું છે. જ્યાં વરસાદ આવે છે, ત્યાં સતત અને એકધારો વરસાદ છે. પરંતુ જ્યાં નથી ત્યાં માંડ છાંટા પડીને બંધ થઈ જાય છે.

# ડોક્ટરની હત્યા કેસમાં આરોપીની ધરપકડ, મમતા બેનર્જીએ આરોપીને મૃત્યુદંડ આપવાની પ્રતિજ્ઞા લીધી



કોલકાતા, તા.૧૫

રાજ્ય સંચાલિત હોસ્પિટલમાં અનુસ્નાતક તાલીમાર્થી ડોકટર ઉપર ક્રૂર જાતીય હુમલો અને તેની હત્યામાં સંડોવાયેલા આરોપીની ધરપકડ કરી હતી. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ આ ગુનેગાર માટે મૃત્યુદંડની માંગ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ આરોપી કથિત રીતે બહારનો વ્યક્તિ હતો જે હોસ્પિટલના પરિસરમાં વારંવાર આવતો હતો, તેની ધરપકડ કરવામાં આવી હતી અને બાદમાં તેને ૧૪ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો. આ આરોપી ઉપર **BNS**ની કલમ ૬૪ (બળાત્કાર) અને ૧૦૩ (હત્યા) હેઠળ આરોપ મૂકવામાં આવ્યો હતો અને તેને સિયાલદાહ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જેણે તેને ૨૩ ઓગસ્ટ સુધી પોલીસ કસ્ટડીમાં મોકલ્યો હતો.

સુશ્રી બેનરજીએ બંગાળમાં ભ્રષ્ટાચારના વિવિધ કેસોમાં કેન્દ્રીય એજન્સીઓ દ્વારા તપાસની માગણી કરવા અંગે કહ્યું હતું કે, જો વિદ્યાર્થીઓ અને પરિવારની માગણી હોય તો તેમની સરકારને સીબીઆઈ તપાસ સામે કોઈ વાંધો નથી. જો તેઓને પશ્ચિમ બંગાળ સરકાર ઉપર વિશ્વાસ નથી તો તેઓ કોઈપણ તપાસ એજન્સીનો સંપર્ક કરી શકે છે; અમને કોઈ વાંધો નથી. તેણીએ અધિકારીઓને ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ટ્રાયલ ઝડપી કરવા સૂચના પણ આપી હતી. રાજભવને જણાવ્યું હતું કે, રાજ્યપાલ સી.વી. આનંદ બોઝે રાજ્ય સરકારને આ મામલે તાત્કાલિક પગલાં લેવા અને રિપોર્ટ સબમિટ કરવા જણાવ્યું છે. શુક્રવારે ઉત્તર કોલકાતામાં આર.જી. કાર સરકારી હોસ્પિટલના સેમિનાર હોલમાં મહિલા ડોક્ટરનો મૃતદેહ મળી આવ્યો હતો. પ્રાથમિક શબપરીક્ષણ અહેવાલો દર્શાવે છે કે, હત્યા કરતા પહેલાં તેણીનું જાતીય શોષણ કરવામાં આવ્યું હતું. કોલકાતાના પોલીસ કમિશનર વિનીત ગોયલે જણાવ્યું હતું કે, આરોપી ઉપર સાંયોગિક પુરાવા અને નાઈટ-ડ્યુટીના કલાકો દરમ્યાન હાજર રહેલા ડોક્ટરોની જુબાનીના આધારે બળાત્કાર અને હત્યાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ એક જઘન્ય અપરાધ છે. ગોયલે કહ્યું કે, પોલીસ એ સુનિશ્ચિત કરશે કે જો કોર્ટમાં આરોપો સાબિત થાય તો આરોપીને મહત્તમ સજા થાય.

આ ઘટના પછી આર.જી. કાર મેડિકલ કોલેજ, નેશનલ મેડિકલ કોલેજ અને મેડિકલ કોલેજ, કોલકાતા સહિત વિવિધ સરકારી હોસ્પિટલોમાં જુનિયર ડોક્ટરો અને વિદ્યાર્થીઓએ વિરોધ ધરણાં અને સરઘસો યોજ્યા હતા. બર્ધમાન મેડિકલ કોલેજ અને બાંકુરા સંમિલાની મેડિકલ કોલેજ જેવી જિલ્લા હોસ્પિટલોમાં પણ વિરોધ પ્રદર્શન થયા હતા.

આરોપીઓને દાખલારૂપ સજા અને હોસ્પિટલોમાં સુરક્ષા વધારવાની માગણી સાથે જુનિયર ડોક્ટરો દ્વારા વિરોધ પ્રદર્શન અને સરઘસ વાજબી છે એવું કહેતા મુખ્યમંત્રીએ ડોક્ટરોને દર્દીઓને આરોગ્ય સેવાઓ આપવાનું ચાલુ રાખવા વિનંતી કરી હતી. તેણીએ એક બંગાળી ન્યુઝ ચેનલને કહ્યું કે, હું જુનિયર ડોક્ટરોની માંગને સમર્થન આપું છું. તેણીએ જણાવ્યું હતું કે, હોસ્પિટલના અધિક્ષક અને આચાર્ય આંતરિક સુરક્ષા જાળવવા માટે જવાબદાર છે અને ખાતરી આપી હતી કે, તેમના તરફથી કોઈપણ બેદરકારીની તપાસ કરવામાં આવશે.

ટીએમસીના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનરજીએ જણાવ્યું હતું કે, આવા ઘૃણાસ્પદ અપરાધોના આરોપીઓને કાં તો ફાંસીની સજા મળી જોઈએ કારણ કે, તેઓ સમાજમાં કોઈ સ્થાનને લાયક નથી. કેન્દ્રએ આવા ગુનેગારો સામે તાત્કાલિક કાર્યવાહી કરવા માટે એક વટહુકમ લાવવો જોઈએ. બંગાળ ભાજપે તેમના નેતૃત્વને પત્ર લખવો જોઈએ અને બળાત્કાર અને હત્યાના કેસોમાં સાત દિવસમાં ઝડપી ન્યાય સુનિશ્ચિત કરે તેવા કાયદાની માગણી કરવી જોઈએ. હોસ્પિટલ નજીક વિરોધીઓને સંબોધતા **CPI(M)** પશ્ચિમ બંગાળના રાજ્ય સચિવ મોહમ્મદ સલીમે કહ્યું કે, આ શહેર ભયના શહેરમાં ફેરવાઈ ગયું છે. આ તૃણમૂલ કોંગ્રેસ સરકાર હેઠળ કોઈ સુરક્ષિત નથી, અમે આ ભયાનક ઘટનાની નિંદા કરીએ છીએ. આ ઘટનાની સીબીઆઈ તપાસની માગણી કરતા કેન્દ્રીય રાજ્યમંત્રી અને ભાજપના પશ્ચિમ બંગાળના પ્રદેશ અધ્યક્ષ સુકાંત મજુમદારે પત્રકારોને જણાવ્યું હતું કે, મહિલા ડોક્ટરના શરીર ઉપરના ઈજાના નિશાન સૂચવે છે કે, આ કોઈ એક વ્યક્તિનું કામ હોઈ શકે નહીં. તૃણમૂલ કોંગ્રેસના નેતા કુણાલ ઘોષે કહ્યું કે, આવા જઘન્ય અપરાધો પર વિરોધ થઈ શકે છે. તે સંપૂર્ણ રીતે સમજી શકાય છે. પરંતુ મુખ્યમંત્રી મમતા બેનરજીના નિવેદન પછી કે અન્ય એજન્સી દ્વારા તપાસ આવકાર્ય છે. શું વિરોધ ચાલુ રાખવાની કોઈ જરૂર છે ? નેશનલ મેડીકોસ ઓર્ગેનાઈઝેશન **(NMO)**માં પશ્ચિમ બંગાળના એક પ્રતિનિધિમંડળે રાજયપાલ સી.વી. આનંદ બોઝ સાથે મુલાકાત કરી અને આ ઘટના ઉપર ઊંડો શોક વ્યક્ત કરતી રજૂઆત રજૂ કરી અને ફરજ ઉપરના લોકો, ખાસ કરીને રાત્રિના સમયે મહિલા તબીબી પ્રેક્ટિશનરો માટે યોગ્ય સુરક્ષાની માંગ કરી હતી.


# નાણાં સચિવ સોમનાથન કેબિનેટ સચિવ તરીકે નિયુક્ત

(એજન્સી) તા.૧૫

આઈએએસ અધિકારી ટી.વી. સોમનાથન તમિલનાડુ કેડરના ૧૯૮૭-બેચના આઈએએસ અધિકારી છે. વરિષ્ઠ **IAS** અધિકારી ટી વી સોમનાથનને રાજીવ ગૌબાના સ્થાને કેબિનેટ સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તમિલનાડુ કેડરના ૧૯૮૭-બેચના **IAS** અધિકારી સોમનાથન હાલમાં કેન્દ્રીય નાણાં સચિવ અને ખર્ચ સચિવ તરીકે સેવા આપી રહ્યા છે. 'કેબિનેટની નિમણૂક સમિતિએ ૩૦.૦૮.૨૦૨૪થી બે વર્ષના કાર્યકાળ સાથે કેબિનેટ સચિવ તરીકે શ્રી ટી વી સોમનાથન, **IAS**ની નિમણૂકને મંજૂરી આપી છે. 'કેબિનેટની નિમણૂક સમિતિએ ટી વી સોમનાથન, આઈએએસને કેબિનેટ સચિવાલયમાં વિશેષ ફરજ ઉપરના અધિકારી તરીકેની નિમણૂકને પણ મંજૂરી આપી છે જ્યાં સુધી તેઓ કેબિનેટ સચિવ તરીકે કાર્યભાર સંભાળે ત્યાં સુધી તેઓ આ ફરજ બજાવશે. ગૌબાએ પાંચ વર્ષ પહેલા ૩૦ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ કેબિનેટ સચિવનો ચાર્જ સંભાળ્યો હતો.

# કમલા હેરિસ ૩ સ્વિંગ સ્ટેટ્સમાં ડોનાલ્ડ ટ્રમ્પથી ૪ પોઈન્ટથી આગળ છે : પોલ





નવી દિલ્હી, તા.૧૫

યુએસ પ્રમુખપદની ચૂંટણીને માત્ર ત્રણ મહિના બાકી છે, ડેમોક્રેટિક ઉમેદવાર કમલા હેરિસે ત્રણ નિર્ણાયક સ્વિંગ રાજ્યો, વિસ્કોન્સિન, પેન્સિલવેનિયા અને મિશિગનમાં તેના રિપબ્લિકન સમકક્ષ ડોનાલ્ડ ટ્રમ્પ પર લીડ મેળવી છે. ન્યુયોર્ક ટાઈમ્સ અને સિએના કોલેજ દ્વારા ઓગસ્ટ ૫થી ૯ ઓગસ્ટ વચ્ચે હાથ ધરવામાં આવેલા તાજેતરના મતદાન અનુસાર, હેરિસ ત્રણ રાજ્યોમાં ૧,૯૭૩ નોંધાયેલા મતદારોમાં ૫૦%થી ૪૬% સમર્થન સાથે ટ્રમ્પથી ચાર ટકા આગળ છે. કમલા હેરિસે મિનેસોટાના ગવર્નર ટિમ વોલ્ઝને તેના રનિંગ સાથી તરીકે નામ આપ્યું તે સપ્તાહમાં આ ચૂંટણીઓ હાથ ધરવામાં આવી હતી. સેમ્પલિંગ એરરનું માર્જિન મિશિગનમાં પ્લસ અથવા માઈનસ ૪.૮ ટકા પોઈન્ટ્સ, પેન્સિલવેનિયામાં પ્લસ અથવા માઈનસ ૪.૨ પોઈન્ટ્સ અને વિસ્કોન્સિનમાં પ્લસ અથવા માઈનસ ૪.૩ પોઈન્ટ્સ હતા. આ અગાઉના સર્વેક્ષણોમાંથી એક પાળી દર્શાવે છે જેમાં ડોનાલ્ડ ટ્રમ્પ ભૂતપૂર્વ ડેમોક્રેટિક ઉમેદવાર જો બિડેન સાથે જોડાયેલા અથવા અગ્રણી હોવાનું દર્શાવે છે. યુ.એસ. વાઈસ પ્રેસિડેન્ટે આ નિર્ણાયક યુદ્ધભૂમિ રાજ્યોમાં આગેવાની લીધી છે કારણ કે બાઈડેને તેમની જ્ઞાનાત્મક સુખાકારી અને શાસન કરવા માટેની તંદુરસ્તી અંગેની ચિંતાઓ વચ્ચે તેમને સમર્થન આપ્યું હતું. ૫ નવેમ્બરની ચૂંટણી પહેલા ઘણું બધું બદલાઈ શકે છે, પરંતુ ડેમોક્રેટ્સ કમલા હેરિસની ઉમેદવારી અંગે ઉત્સાહિત છે, રાષ્ટ્રપતિ બાઈડેન એક બાજુએ ગયા પછી રાહત અનુભવી હતી. શ્રીમતી હેરિસે પેન્સિલવેનિયામાં ૧૦ પોઈન્ટ્સ ઉપર તરફેણમાં નોંધપાત્ર વધારો જોયો છે, સ્વતંત્ર મતદારોએ તેમને વધુ બુદ્ધિશાળી અને સ્વભાવથી શાસન કરવા માટે યોગ્ય તરીકે જોયા છે. યુએસ ઈલેક્ટોરલ કોલેજ વોટિંગ સિસ્ટમ શ્રી હેરિસમાટે વ્હાઈટ હાઉસ જાળવી રાખવા માટે વિસ્કોન્સિન, પેન્સિલવેનિયા અને મિશિગનને નિર્ણાયક માને છે. રિપબ્લિકન હુમલાઓ છતાં, ડેમોક્રેટ્સ હેરિસને મજબૂત સમર્થન આપે છે, મે મહિનાથી ત્રણ મિડવેસ્ટર્ન રાજ્યોમાં મતદારોના સંતોષમાં ૨૭ પોઈન્ટનો વધારો થયો છે. સંચાર કરવાની જરૂર છે. અગાઉના મતદાનમાં જાણવા મળ્યું હતું કે ૬૦% નોંધાયેલા મતદારો માને છે કે શ્રીમતી હેરિસ માટે ૫૩%ની તુલનામાં ટ્રમ્પ સ્પષ્ટ દ્રષ્ટિ ધરાવે છે. અર્થવ્યવસ્થા અને ઈમિગ્રેશનમાં ટ્રમ્પ હજુ પણ આગળ છે. જો કે, હેરિસ ૨૪ પોઈન્ટની લીડ ધરાવે છે, જે ડેમોક્રેટ્સને આશા છે કે એરિઝોના અને વિસ્કોન્સિન જેવા મુખ્ય રાજ્યોમાં મતદારોને પ્રભાવિત કરશે. હેરિસને શ્રી ટ્રમ્પ કરતાં લોકશાહી ઉપર વધુ અનુકૂળ રીતે જોવામાં આવે છે, જેઓ ૨૦૨૦ની રાષ્ટ્રપતિની ચૂંટણીઓ અને ૬ જાન્યુઆરીના કેપિટોલ રમખાણોને લગતા કાનૂની આરોપોનો સામનો કરી રહ્યા છે.

# સુરતમાં ધો.૧૦ પાસ ડોક્ટરે ત્રણ ઈન્જેક્શન આપતા બાળકી મોતને ભેટી : આરોપીની ધરપકડ

સુરત, તા.૧૫

થોડા દિવસ પહેલાં સુરતમાંથી ૧૬ બોગસ ડોક્ટરો પકડાયા હતા, ત્યારે ફરી એકવાર ૧૦ પાસ ડોક્ટર પકડાયો છે. આ ડોક્ટરે ૩ વર્ષની બાળકીનો જીવ લીધો છે. બાળકીને ડાબા પગના થાપાના ભાગે ઈજા થતાં બોગસ ડોક્ટરે ૩થી વધુ ઈન્જેક્શન આપી એક ટાંકો લીધો હતો. તે સમયે બાળકીના મોઢામાંથી ચીસ ફાટી નીકળી હતી. બાદમાં બોગસ ડોક્ટરે અન્ય હોસ્પિટલમાં બાળકીને લઈ જવાનું કહ્યું હતું. પરંતુ બાળકીને અન્ય હોસ્પિટલમાં સારવાર મળે તે પહેલાં મૃત્યુ પામી હતી. જોકે, બાળકીનું મૃત્યુ ઈન્જેક્શનથી થયું હોવાનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવતા બોગસ ડોક્ટરનો ભાંડો ફૂટી ગયો હતો.

ભેસ્તાન પોલીસના જણાવ્યા અનુસાર નરગીસનગરમાં રહેતા રબીઉલ રૂસ્તમ શેખની સવા ૩ વર્ષની બાળકી ફાતેમા ગત તા.૧૫ ફેબ્રુઆરીના રોજ રમતી વખતે પડી જતાં ડાબા પગના થાપાના ભાગે ઈજા થઈ હતી. બાળકીને ઈજા થતાં વાલી નજીકની ગરીબનવાઝ સોસાયટીમાં રેહાના ક્લિનિકમાં ડો. શમીમ સીરાજુદીન અંસારી (મૂળ રહે. ફલવટિયા, જિ. મુઝફ્ફરપુર, બિહાર) પાસે લઈ ગયા હતા. જ્યાં ડોક્ટરે બાળકીને ૩ ઈન્જેક્શન આપ્યાં હતાં અને થાપાના ભાગે એક ટાંકો લીધો હતો. એ સમયે બાળકીના મોઢામાંથી ચીસ નીકળી ગઈ હતી. આ દરમ્યાન ડો. શમીમે સારવાર અર્થે અન્ય હોસ્પિટલમાં લઈ જવાનું કહેતા નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. પરંતુ વધુ સારવાર મેળવે એ પહેલાં જ બાળકી ફાતેમાને મૃત જાહેર કરી હતી. ફાતેમાનું મોત નીપજતાં તેણીનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવતાં તેનું મોત ઈન્જેક્શન આપવાના કારણે થયું હોવાનો રિપોર્ટમાં સામે આવ્યું હતું. બાળકીની સારવાર કરવામાં બોગસ ડિગ્રીધારક ડોક્ટર શમીમ અંસારી જવાબદાર ઠર્યો હતો. જેના પગલે ભેસ્તાન પોલીસે બોગસ ડિગ્રીધારક રેહાના ક્લિનિકના શમીમ અંસારી વિરૂધ્ધ ગુનો નોંધીને ધરપકડ કરી હતી. ભેસ્તાનમાં ગરીબનવાઝ સોસાયટીમાં રેહાના ક્લિનિકના નામે ધો.૧૦ પાસ શમીમ અંસારીએ **NEHM** (નેચરો ઈલેક્ટ્રો-હોમિયોપેથી મેડિકોઝ ઓફ ઈન્ડિયા) દિલ્હીથી સર્ટિફિકેટ મેળવ્યું હતું. સર્ટિફિકેટ મેળવી છેલ્લાં ૧૦ વર્ષથી હાટડી ખોલી હતી. આ બોગસ ડોક્ટર ભેસ્તાન અને ઉન વિસ્તારમાં રહેતા ગરીબ શ્રમિકોના આરોગ્ય સાથે ચેડાં કરીને લૂંટફાટ મચાવતો હતો. જોકે, બાળકીના મોત બાદ પરિવારજનોએ સમગ્ર ઘટના અંગે પોલીસને માહિતગાર કર્યા હતા.

# રક્ષાબંધને ભદ્રાદોષને દફનાવી રાખડી બાંધવી : વિજ્ઞાન જાથા

## તા. ૧૯ મી સોમવારે રક્ષાબંધન પર્વ આખો દિવસ ઉજવવા વિજ્ઞાન જાથાની અપીલ



અમદાવાદ તા. ૧૫

ભારતમાં સદીઓથી લેભાગુઓ ચોપડીનો આધાર મુકી ત્યૌહાર, ઉત્સવો અને પર્વની ઉજવણી પ્રસંગે ભદ્રાકાલ, ભદ્રાદોષ જાતજાતના ગતકડા મુકી લોકોમાં અસંમનજસ, દ્વિધા, શંકા-કુશંકા ઉભી કરી રાખડી બાંધવાનો સમય લોકોના માથા ઉપર મુકી ભ્રામકતા ઉભી કરે છે તેનો ભારત જન વિજ્ઞાન જાથા રાજય કચેરીએ સદૈવ વિરોધ કરી કડક શબ્દોમાં આલોચના કરેલ છે. રક્ષાબંધન પર્વ તા. ૧૯ મી સોમવાર આખો દિવસ બહેન ભાઈને રાખડી બાંધી શકે છે. ૨૧ મી સદીમાં મુર્હુત-ચોઘડીયાને અનુસરવું બેવકુફીનું પ્રદર્શન જાથા માને છે. રાજકોટ ખાતે સામુહિક રાખડી બાંધવાનો કાર્યક્રમ યોજાવાનો છે. જાથાના રાજય ચેરમેન એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે છેલ્લા કેટલાક વર્ષોથી રક્ષાબંધને અમુક લેભાગુઓ ભદ્રાવિષ્ટિ, ભદ્રાદોષ, ભદ્રાકાલ, યોગ-કરણ, તિથિ ઉદિતનું કારણ મુકી રાખડી બાંધવાનો લેભાગુઓ સમય જાહેર કરે છે જે નર્યો બકવાસ છે. માનસિક નબળા લોકો તેનું અનુકરણ કરે છે જે ઘાતક સાબિત થાય છે. તા.૧૯ મી ઓગસ્ટ સોમવારે સવારથી મોડી રાત્રી સુધી પરિવારની અનુકુળતા મુજબ રાખડી બાંધી શકે છે. તેમાં કોઈ શંકા-કુશંકા કરવાની જરૂર નથી. લોકોએ સવારે ચૌદશ કે પૂનમ હોય તે જોવાની જરૂર નથી. લાગણી, પ્રેમ, સ્નેહના તાંતણે બહેન ભાઈને રાખડી બાંધી શકે છે. ભારતના જ્યોતિષીઓમાં પણ મતમતાંતર જોવા મળે છે. તેના ઉપરથી લોકોએ ધડો લેવાની જરૂર છે. અમુક સવારે રાખડી બાંધવાની તરફેણ કરે છે જયારે બીજા નિષેધ માને છે. બેમાંથી કયો જયોતિષી સાચો તેવા સવાલ કરવાની જરૂર છે. સોમવારે બપોરના એક કલાક એકત્રીસ મિનિટ સુધી રાખડી બાંધવી નહિ તેવી સલાહને અવગણીને સવારથી જ રાખડી બાંધવી. અગાઉના વર્ષોમાં પણ બહેનોએ જયોતિષીઓના ફળકથનોનો ઉલાળીયો કરી રાખડી બાંધી જ છે તે રીતે અનુસરવું તેવી જાથા લોકોને અપીલ કરે છે.

વધુમાં જયંત પંડયા જણાવે છે કે ભદ્રા કે વિષ્ટીકારક કોને કહેવાય તે આમ જનતાને કંઈપણ ખબર નથી. સદીઓ પહેલા લખાયેલી ચોપડી વર્તમાન સમયમાં અપ્રસ્તુત છે તેથી માનવાની જરૂર નથી. ધર્મ સિંધુ ગ્રંથોની અત્યારે કાંઈ જરૂર નથી. મુશ્કેલીના સમયે આવા ગ્રંથો કાંઈ કામ આવતા નથી. ગ્રંથો નડવાનું બંધ કરે છે તો લોકો ઉપર ઉપકાર ગણાશે. લોકોનું ઉત્થાન, પ્રગતિ થાય તેવા ગ્રંથોની જરૂર છે. જયોતિષમાં માનવું એક પ્રકારની અંધશ્રદ્ધા છે.

કોરોના, કુદરતી આપત્તિ વખતે આ જયોતિષ કયાં સંતાય ગયું હતું. ધાર્મિક સ્થાનો બંધ રહ્યા, કોઈએ ખોલવાની ઉતાવળ કરી ન હતી તેમાંથી ધડો લેવો જોઈએ. જયોતિષમાં શ્રદ્ધા બરબાદીને આમંત્રણ તેવું જાથા દ્રઢપણે માને છે.

### ભેંસાણના સ્વાતંત્ર સેનાની

## વકીલ મેઘજીભાઈ ભેસાણીયોની જન્મ જયંતીની ઉજવણી



(રેનિશ મહેતા દ્વારા)

ભેંસાણ, તા.૧૫

દેશના પનોતા પુત્ર , આઝાદીના લડવૈયા, સ્વતંત્રય સેનાની સત્યાગ્રહી વકીલ શ્રી મેઘજીભાઈ જેઠાભાઈ ભેસાણીયાની ૧૩૬મી જન્મ જયંતિ નિમિત્તે ભેંસાણ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા તેમજ ભેંસાણ તાલુકાના સામાજિક અગ્રણીઓ દ્વારા ભેંસાણ મામલતદાર કચેરી ખાતે આવેલા મેઘજીભાઈ ભેસાણીયાના સ્મારકને હાર તોરા કરીને જન્મ દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી. આઝાદી ના લડવૈયોને તેમણે આઝાદી ની લડાત દરમ્યાન વેઠવી યાતનાઓ અને જેલવાસ દરમ્યાન કેટલાય કષ્ટો સહન કરી ને પણ પોતાની લડાત ચાલુ રાખી હતી તે સ્મરણો ને યાદ કર્યા હતા, ૧૯૩૦ માં તેમણે દેશ વાસી ઓ ને કહ્યું હતું કે દેશ ને શસ્ત્ર વગર સ્વરાજ મળશે, આપણા બધાના દુ:ખનું મૂળ કારણ અંગ્રેજો છે. ભલે મને તોપ ના ગોળે ઉડાવી દે તો પણ જયાં સુધી દેશને આઝાદીના મળે ત્યાં સુધી દેશ કાજે નીકળી પડો આવા નીડર, નિષ્ઠાવાન, અને સત્યા ગ્રહી સ્વતંત્રય સેનાનીઓના બલિદાનના લીધે આજે ભેંસાણ તેમજ દેશની જનતા ગૌરવની લાગણી અનુભવી રહ્યા છે. મેઘજીભાઈની ૧૩૭માં જન્મ દિવસ પર પૂર્વ ધારા સભ્ય. જિલ્લા પંચાયતના સદસ્ય. અન્ય પાર્ટીઓના રાજકીય હોદેદારો તેમજ અન્ય ગ્રામ સાથે મળીને આઝાદીના લડવૈયા સ્વતંત્રય સેનાની શ્રી મેઘજીભાઈ જેઠાભાઈ ભેસાણીયાના સ્મારકને હાર તોરા કરીને જન્મ જયંતિ ઉજવવામાં આવી હતી.

## ભાણવડ નજીક બોલેરો પીકઅપ વાનની ઠોકરે કાર સવાર યુવાનનું મૃત્યુઃ બોલેરો ચાલક ફરાર

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫

ભાણવડથી આશરે ૧૩ કિલોમીટર દૂર જામનગર હાઈવે પર વેરાડ ગામથી ધારાગઢ ગામના પાટીયા તરફ જતા માર્ગે સોમવારે મોડી રાત્રીના સમયે ભરતભાઈ અરજણભાઈ આગઠ નામના યુવાન તેમના ભાઈ રણજીતભાઈ અરજણભાઈ આગઠ સાથે અમદાવાદથી તેમના ઘરે જી.જે. ૧૦ એ.પી. ૯૬૦૮ નંબરની સ્વીફ્ટ મોટરકાર લઈને જઈ રહ્યા હતા. ત્યારે આ માર્ગ પરથી પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક આવી રહેલા જી.જે. ૨૫ યુ. ૮૭૯૦ નંબરના બોલેરો પીકઅપ વાહનના ચાલકે ભરતભાઈની સ્વીફ્ટ મોટરકાર સાથે ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો.

આ જીવલેણ ટક્કરમાં કાર સવાર ભરતભાઈ આગઠને પેટના ભાગે તથા છાતીના ભાગે ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નીપજયું હતું. જયારે રણજીતભાઈને પણ નાની મોટી ઈજાઓ સાથે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અકસ્માત સર્જીને આરોપી વાહન ચાલક પોતાનું વાહન મૂકીને નાસી છૂટ્યો હોવાનો પણ પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. આ સમગ્ર બનાવ અંગે કુતિયાણા તાલુકાના કોટડા ગામના રહીશ રમેશભાઈ હરદાસભાઈ આગઠ (ઉ.વ. ૨૪)ની ફરિયાદ પરથી ભાણવડ પોલીસે મહિન્દ્રા પીકઅપ બોલેરો વાહનના ચાલક સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢ આપ દ્વારા કેજરીવાલની તંદુરસ્તી માટે રૂદ્રાભિષેક કરાયો

જૂનાગઢ તા. ૧૫

જૂનાગઢ મહાનગર આમ આદમી પાર્ટી દ્વારા આણદેશ્વર મહાદેવના મંદિરે રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલને તંદુરસ્તી પ્રદાન કરે તેમજ જેલ મુક્ત કરે, એના માટે મહાદેવનો રૂદ્રાભિષેક કરવામાં આવેલ હતો. જેમાં જૂનાગઢ મહાનગરના પ્રભારી પ્રવિણ મકવાણા, કનુભાઈ બોરીચા, અશોકભાઈ પોસીયા, દિગતભાઈ મકવાણા દ્વારા પુજા કરવામાં આવેલ હતી.

## ૧૫ ઓગસ્ટ સ્વતંત્રતા દિવસ : ડો.જી.આર.ગોહિલ







સ્વતંત્રતા દિવસ, ભારતમાં, ૧૫ ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય રજા ઉજવવામાં આવે છે. સ્વતંત્રતા દિવસ ૧૯૪૭ માં બ્રિટિશ શાસનનો અંત અને સ્વતંત્ર અને સ્વતંત્ર ભારતીય રાષ્ટ્રની સ્થાપનાને દર્શાવે છે. તે ઉપખંડના બે દેશો, ભારત અને પાકિસ્તાનમાં વિભાજનની વર્ષગાંઠને પણ ચિહ્નિત કરે છે, જે ૧૪-૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ ના રોજ મધ્યરાત્રિએ થયું હતું. ભારતમાં બ્રિટિશ શાસનની શરૂઆત ૧૭૫૭માં થઈ જ્યારે, પ્લાસીના યુદ્ધમાં બ્રિટિશ વિજય બાદ, ઈંગ્લિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ દેશ પર નિયંત્રણ મેળવવાનું શરૂ કર્યું. ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ૧૦૦ વર્ષ સુધી ભારત પર શાસન કર્યું, જ્યાં સુધી ૧૮૫૭-૫૮માં ભારતીય વિદ્રોહના પગલે સીધા બ્રિટિશ શાસન (જેને ઘણી વખત બ્રિટિશ રાજ તરીકે ઓળખવામાં આવે છે) દ્વારા બદલવામાં આવ્યું ન હતું. ભારતીય સ્વતંત્રતા ચળવળ પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન શરૂ થઈ હતી અને તેનું નેતૃત્વ મોહનદાસ કે. ગાંધીએ કર્યું હતું, જેમણે બ્રિટિશ શાસનનો શાંતિપૂર્ણ અને અહિંસક અંત લાવવાની હિમાયત કરી હતી. સ્વતંત્રતા દિવસને સમગ્ર ભારતમાં ધ્વજવંદન સમારોહ, કવાયત અને ભારતીય રાષ્ટ્રગીતના ગાન સાથે ચિહ્નિત કરવામાં આવે છે. વધુમાં, રાજ્યની રાજધાનીઓમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જૂની દિલ્હીમાં લાલ કિલ્લાના ઐતિહાસિક સ્મારક પર વડા પ્રધાન ધ્વજવંદન સમારોહમાં ભાગ લે તે પછી, સશસ્ત્ર દળો અને પોલીસના સભ્યો સાથે પરેડ થાય છે. વડા પ્રધાન પછી દેશને ટેલિવિઝન સંબોધન કરે છે, જેમાં પાછલા વર્ષ દરમિયાન ભારતની મુખ્ય સિદ્ધિઓનું વર્ણન કરવામાં આવે છે અને ભવિષ્યના પડકારો અને લક્ષ્યોની રૂપરેખા આપવામાં આવે છે. પતંગ ઉડાડવી એ સ્વતંત્રતા દિવસની પરંપરા બની ગઈ છે, જેમાં વિવિધ કદ, આકાર અને રંગોના પતંગો આકાશને ભરી દે છે. ઉપરાંત, દિવસની ઉજવણી કરવા માટે, નવી દિલ્હીમાં સરકારી કચેરીઓ બંધ હોવા છતાં, રજા દરમિયાન પ્રકાશિત રહે છે.

ભારતનો સ્વતંત્રતા દિવસ, જે દર વર્ષે ૧૫મી ઓગસ્ટના રોજ સમગ્ર દેશમાં ધાર્મિક રીતે ઉજવવામાં આવે છે, તે રાષ્ટ્રીય દિવસોની સૂચિમાં જબરદસ્ત સ્થાન ધરાવે છે, કારણ કે તે દરેક ભારતીયને એક નવી શરૂઆતની યાદ અપાવે છે. ૨૦૦ થી વધુ વર્ષોના બ્રિટિશ સંસ્થાનવાદના ચુંગાલમાંથી મુક્તિ. તે ૧૫ મી ઓગસ્ટ ૧૯૪૭ ના રોજ હતું કે ભારતને બ્રિટિશ સંસ્થાનવાદથી સ્વતંત્ર જાહેર કરવામાં આવ્યું હતું, અને નિયંત્રણની લગામ દેશના નેતાઓને સોંપવામાં આવી હતી. ભારતની આઝાદીની પ્રાપ્તિ એ નિયતિ સાથેનો પ્રયાસ હતો, કારણ કે આઝાદીનો સંઘર્ષ ઘણો લાંબો અને કંટાળાજનક હતો, જેમાં ઘણા સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનની સાક્ષી હતી, જેમણે પોતાનું જીવન લાઈનમાં મૂકી દીધું હતું.

## દુલીપ ટ્રોફી, ૨૦૨૪-૨૫ના પ્રથમ રાઉન્ડ માટે ટીમોની જાહેરાત

(પંકજ ઝીબા દ્વારા) રાજકોટ તા. ૧૫

પુરૂષોની પસંદગી સમિતિએ બુધવારે દુલીપ ટ્રોફી, ૨૦૨૪-૨૫ના પ્રથમ રાઉન્ડ માટે ટીમોની જાહેરાત કરી હતી. દુલીપ ટ્રોફી, જે ડોમેસ્ટિક સિઝનમાં રેડ-બોલ ક્રિકેટની શરૂઆત કરે છે, તેમાં આંતરરાષ્ટ્રીય સર્કિટના કેટલાક શ્રેષ્ઠ ખેલાડીઓ અને કેટલાક યુવા અને ઉભરતી પ્રતિભા ઉચ્ચ સ્તરે સ્પર્ધા કરતા જોવા મળશે.

આ ટુર્નામેન્ટ ૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ થી આંધ્રપ્રદેશના અનંતપુર અને એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ, બેંગલુરૂમાં શરૂ થવાની છે.

ટુર્નામેન્ટના પ્રથમ રાઉન્ડ માટેની ચાર ટીમો નીચે મુજબ છે.

ટીમ A: શુભમન ગિલ (C), મયંક અગ્રવાલ, રિયાન પરાગ, ધ્રુવ જુરેલ, કે.એલ. રાહુલ, તિલક વર્મા, શિવમ દુબે, તનુષ કોટિયન, કુલદીપ યાદવ, આકાશ દીપ, પ્રસિદ્ધ ક્રિષ્ના, ખલીલ અહેમદ, અવેશ ખાન, વિદ્વાત કાવેરપ્પા, કુમાર કુશાગ્ર , શાસ્વત રાવતનો સમાવેશ થાય છે.

ટીમ B: અભિમન્યુ ઈસ્વરન (C), યશસ્વી જયસ્વાલ, સરફરાઝ ખાન, ઋષભ પંત, મુશીર ખાન, નીતિશ કુમાર રેડ્ડી, વોશિંગ્ટન સુંદર, રવિન્દ્ર જાડેજા, મોહમ્મદ સિરાજ, યશ દયાલ, મુકેશ કુમાર, રાહુલ ચહર, આર સાઈ કિશોર, મોહિત અવસ્થી, એન જગદીસન (WK).

ટીમ C: ઋતુરાજ ગાયકવાડ (C), સાંઈ સુદર્શન, રજત પાટીદાર, અભિષેક પોરેલ (WK), સૂર્યકુમાર યાદવ, બી ઈન્દ્રજીથ, રિતિક શોકીન, માનવ સુથાર, ઉમરાન મલિક, વૈશક વિજયકુમાર, અંશુલ ખંભોજ, હિમાંશુ ચૌહાણ, મયંક માર્કન્ડે (WK), સંદીપ વારિયરનો સમાવેશ થાય છે.

ટીમ D: શ્રેયસ લાયર (C), અથર્વ તાઈડે, યશ દુબે, દેવદત્ત પડિકલ, ઈશાન કિશન (WK), રિકી ભુઈ, સરંશ જૈન, અક્ષર પટેલ, અર્શદીપ સિંહ, આદિત્ય ઠાકરે, હર્ષિત રાણા, તુષાર દેશપાંડે, આકાશ સેનગુપ્તા, હ્રજી ભરત (WK), સૌરભ કુમારનો સમાવેશ થયેલ છે.

નોંધોઃ ૧. બાંગ્લાદેશ સામે ઘરઆંગણે રમાનારી ટેસ્ટ સિરીઝ માટે ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે જે રમતવીરોની પસંદગી કરવામાં આવશે તેને દુલીપ ટ્રોફીમાં સ્થાન આપવામાં આવશે.

૨. દુલીપ ટ્રોફીમાં નીતિશ કુમાર રેડ્ડીની ભાગીદારી ફિટનેસને આધીન છે.

## ઈન્વેસ્ટીયર સેરેમની સ્કૂલ સંચાલનમાં બાળકોની જવાબદારી ક્રિસ્ટલ સ્કૂલ મેનેજમેન્ટનો નવતર પ્રયોગ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૫




બાળકોમાં શિક્ષણની સાથે સર્વતોમુખી જાગૃતિ નિર્માણ થાય અને વિદ્યાર્થીઓમાં સંચાલનના ગુણો વિકસે તે માટે પ્રેકટીકલ અભિગમ દ્વારા વિદ્યાર્થીઓનું વ્યકિતત્વ નિર્માણ થાય તે હેતુથી ક્રિસ્ટલ સ્કૂલસ – રાજકોટ ખાતે 'ઈન્વેસ્ટીયર સેરેમની'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે શિક્ષક, વિદ્યાર્થીઓ સાથે મળી સમગ્ર વર્ષ દરમ્યાન અલગ-અલગ સ્પર્ધાઓમાં ભાગ લઈ શકે એ હેતુથી ચાર વિભાગ પાડવામાં આવ્યા જેમાં (૧) અગ્નિ હાઉસ, (૨) જલ હાઉસ, (૩) પૃથ્વી હાઉસ, (૪) વાયુ હાઉસ દરેક હાઉસના કેપ્ટન, વાઈસ કેપ્ટન, પ્રીફેટ, હેડ બોય, હેડગર્લ તથા જનરલ કેપ્ટનની નિયુકત કરી તે આ કાર્યક્રમનો હેતુ સમગ્ર વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓ દ્વારા જ સંચાલન થાય અને વિદ્યાર્થીઓમાં તેઓને તેના અનુસંધાને બેચ એનાયત કરવામાં શિક્ષણની સાથે આવડત અને નેતૃત્વ ના ગુણો આત્મસાત થાય, તેઓને સોપવામાં આવેલ જવાબદારીને સંપૂર્ણ નિષ્ઠાથી નિભાવી શકે. આ અવસરે ગત વર્ષના વિજેતા બનેલ જલ હાઉસના શિક્ષક કેપ્ટન, વાઈસ કેપ્ટનને શાળાના ચેરમેન રણજીત દ્વારા ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટ્ય દ્વારા વૈદિક મંત્રોચ્ચારથી કરવામાં આવી. ક્રિસ્ટ્રલ સ્કૂલ્સ ઈંગ્લિશ મીડિયમના પ્રિન્સીપલ બ્રાઈન મેકવાન દ્વારા સુંદર વક્તવ્ય આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. ગુજરાતી માધ્યમા આચાર્યા સંગીતાબેન ડોડિયા પણ ઉપસ્થીત રહેતા વિદ્યાર્થીઓનો ઉત્સાહ બેવડાયો હતો. પોતાના વકતવ્યમાં શાળાના ચેરમેન રણજીત શિક્ષણની સાથો સાથ અન્ય પ્રવૃત્તિઓનું જીવનમાં મહત્વ શું છે ? તે વિશે વિસ્તાર પૂર્વક સમજાવ્યું હતું તેમજ લીડરશીપના ગુણો વિદ્યાર્થીઓમાં કઈ રીતે સંકૃાત થાય તે વિશે વિસ્તૃત વાત કરી હતી. ખરેખર શાળામાં શિક્ષકો –વિદ્યાર્થીઓ અને વાલીઓ એક જ દિશામાં સહીયારો પ્રયાસ કરે તો શ્રષ્ઠ પરિણામ પ્રાપ્ત થઈ શકે તે ક્રિસ્ટલ સ્કૂલે સિદ્ધ કરી બતાવ્યુ છે.

## કેશોદની સરકારી આદર્શ નિવાસી શાળામાં જીલ્લાકક્ષાની શાળાકીય વોલીબોલ સ્પર્ધા યોજાઈ

(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ, તા.૧૫



રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ ગાંધીનગર, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આયોજિત જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી- જુનાગઢ ગ્રામ્ય દ્વારા સંચાલિત શાળાકીય રમતોત્સવ ૨૦૨૪-૨૫ અંતર્ગત જૂનાગઢ ગ્રામ્ય જિલ્લા કક્ષાની વોલીબોલ સ્પર્ધાનું સુંદર આયોજન સરકારી આદર્શ નિવાસી શાળા કેશોદ ખાતે કરવામાં આવ્યું હતું. ભાઈઓ અને બહેનોમાં અલગ અલગ તાલુકાના વિજેતા અંડર ૧૪,૧૭ અને ૧૯ વય જૂથમાં કુલ ૪૪ જેટલી ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધામાં ડી.એલ.એસ.એસ. શાળાઓ, ઈન સ્કૂલો, સૈનિક સ્કૂલ, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ખેલાડીઓએ જુદા જુદા તાલુકાનું પ્રતિનિધિત્વ કર્યું હતું. સ્પર્ધાના પ્રારંભે શાળાના આચાર્ય બી.એસ.ભાવસારે તમામ ખેલાડીઓને શુભેચ્છા પાઠવી હતી. સ્પર્ધાના કન્વીનર ડો.હમીરસિંહ વાળાએ "નશા મુક્તિ અભિયાન"ના શપથ લેવડાવ્યા હતા જેમાં ખૂબ બહોળી સંખ્યામાં ખેલાડીઓ, ટીમ મેનેજર, વ્યાયામ શિક્ષકો, આદર્શ નિવાસી શાળાના એમ.ડી.દાહીમાં, એસ.એચ. મુછાળ, સમગ્ર સ્ટાફ તથા વિદ્યાર્થીઓ જોડાયા હતા.

આ સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર અલગ અલગ તાલુકાના ખેલાડીઓની પસંદગી કરવામાં આવી હતી જે આગામી દિવસોમાં રાજ્યકક્ષાએ જુનાગઢ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.સ્પર્ધાના સુંદર આયોજન અને વ્યવસ્થા બદલ જિલ્લા રમત ગમત અધિકારી ગૌરાંગ નરેએ અભિનંદન પાઠવ્યા હતા અને ખેલાડીઓ રાજ્યકક્ષાએ ઉત્તમ પ્રદર્શન કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

## ખંભાળિયાના ભાડથર ગામના યુવાનની થયેલ કરપીણ હત્યાનો આરોપી ઝબ્બે

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૫



ખંભાળિયા તાલુકાના ભાડથર ગામે રહેતા એક પરિણીત યુવાન ગત તારીખ ૮ ઓગસ્ટના રોજ ઘરેથી લાપતા બની થઈ ગયા બાદ તા. ૧૦ ના રોજ તેમનો હાથ-પગમાં દોરડા સાથે પથ્થર વીંટળાયેલી હાલતમાં કૂવામાંથી મૃતદેહ મળી આવ્યો હતો. જે અંગે અહીંની પોલીસે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી, જરૂરી કાર્યવાહી કરી, આરોપી એવા ભાડથર ગામના જ બાવાજી શખ્સની અટકાયત કરી લીધી હતી. આ ચકચારી પ્રકરણની વિગત મુજબ ખંભાળિયા તાલુકાના ભાડથર ગામે આવેલા મચ્છુનગર વિસ્તારમાં રહેતા રાજેશભાઈ નથુભાઈ મંગરા નામના ૪૨ વર્ષના યુવાન ગત તારીખ ૮ મી ના રોજ બપોરે ૨ વાગ્યાના સમયે પોતાના ઘરેથી ગૌશાળામાં કામે જવાનું કહી અને નીકળ્યા બાદ લાંબો સમય સુધી પરત ફર્યા ન હતા. લાંબી શોધખોળ બાદ પણ રાજેશભાઈ મળી ના આવતા તેમના પિતા નથુભાઈ વેજાભાઈ મંગેરા (ઉ.વ. ૬૫, રહે. ભાડથર) ખંભાળિયા પોલીસ મથકમાં વિધિવત રીતે ગુમ નોંધ કરાવી હતી. આ પછી ભાડથર ગામની વાડી વિસ્તારમાં રહેતા એક આસામીની વાડીમાં આવેલા કુવામાં એક મૃતદેહ કોહવાઈ ગયેલી હાલતમાં પડ્યો હોવાની જાણ સ્થાનિકો દ્વારા પોલીસને કરવામાં આવતા પોલીસ સ્ટાફે આ સ્થળે દોડી જઈને લાંબી જહેમત બાદ કૂવામાંથી તદન જકડાઈ ગયેલી હાલતમાં મૃતદેહને બહાર કાઢ્યો હતો. આ મૃતદેહ બે દિવસ પૂર્વે ગુમ થયેલા રાજેશભાઈ મંગેરાનો હોવાનું ખુલવા પામ્યું હતું. આ પ્રકરણમાં હત્યારાઓને ઝડપી લેવા માટે ફોરેન્સિક નિષ્ણાતો સાથે ડીવાયએસપી ડો. હાર્દિક પ્રજાપતિના વડપણ હેઠળ પી.આઈ. બી.જે. સરવૈયા તથા તેમની ટીમે સઘન તપાસ હાથ ધરી, ગઈકાલે આ હત્યા પ્રકરણમાં સંડોવાયેલા આરોપી ધરમદાસ ઉર્ફે ધર્મેશ ઉર્ફે ભોલો ભીખાભાઈ ગોંડલીયા (રહે. ભાડથર)ની અટકાયત કરી, લેવામાં આવી હતી. ત્યાર બાદ પોલીસે આરોપીને અદાલત સમક્ષ રજૂ કરીને માંગણી કરવામાં આવતા નામદાર અદાલતે આરોપીના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. આરોપી ધરમદાસ ગોંડલીયા દ્વારા અંગત અદાવતના કારણે રાજેશ મંગેરાની હત્યા નિપજાવી હોવાનું ખુલવા પામ્યું છે. આ પ્રકરણની તપાસ ડીવાયએસપી ડો. હાર્દિક પ્રજાપતિ ચલાવી રહ્યા છે.

વાત જૂનાગઢની આઝાદીના તિરંગા લહેરાવવાની

# ભારતની આઝાદીના ઈતિહાસમાં જૂનાગઢની આઝાદીનું વિશિષ્ટ પ્રકરણ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશની આન,બાન, અને શાન સમા તિરંગાના સન્માન અને દેશ બાંધવોમાં રાષ્ટ્રપ્રેમ વધુ બળવતર બને તેવા સુભાશય સાથે હર ઘર તિરંગા અભિયાન છેડ્યું છે. આ માટે લોકોનો અપ્રતિમ ઉત્સાહ પણ જોવા મળી રહ્યો છે, પરંતુ જૂનાગઢના સંદર્ભમાં તિરંગો લહેરાવવાની વાત જરા જુદી છે. ભારતની આઝાદીનો ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ સૂરજ ઉગ્યો. ત્યારે જૂનાગઢ રાજ્યમાં ચહલ-પહલ જુદી હતી. આ સંદર્ભે નરસિંહ મહેતા યુનિવર્સિટીના પ્રોફેસર-ઈતિહાસકાર ડો. વિશાલ જોશી કહે છે કે, તે સમયના નવાબ મહોબતખાન ત્રીજાના ભોપાલના બેગમ અને નવનિયુક્ત દિવાન શાહનવાજ ભુટ્ટો ઉપરાંત અન્ય કેટલાક કોમી તત્વોની ચઢામણીના લીધે જૂનાગઢની પ્રજાની ભાવનાને અવહેલના કરી નવાબ પાકિસ્તાન સાથે જોડાણ કરવા માટે રાજી થઈ ગયા હતા. આમ, ભારતને આઝાદી મળી ગઈ, પરંતુ જૂનાગઢની પ્રજા એક અસમંજસની સ્થિતિમાં જોવા મળી રહી હતી. જૂનાગઢ રાજ્યે પાકિસ્તાન સાથેના જોડાણની જાહેરાત કરી ત્યારથી જૂનાગઢ રાજ્યમાં નાગરિકોમાં ભય અને દ્વિધા અનુભવતા હતા. તો કેટલાક નાગરિકો તો જૂનાગઢ રાજ્યના સીમાડા છોડી રહ્યા હતા. તેવી સ્થિતિમાં સોરઠના સંતો આગળ આવ્યા હતા. મૈયારામ આશ્રમના મૈયારામ બાપુ, આલિધ્રાના બ્રહ્મચારી બાપુ અને મહંત વિજયદાસજી બાપુએ હિજરત કરી રહેલા લોકોને જીવના જોખમે આશરો આપવાની સાથે રક્ષણ અને પોષણ આપ્યું હતું. ડો.જોશી કહે છે કે, જૂનાગઢ રાજ્યમાં ઉથલપાથલ ભરેલી ઘટનાઓનો મજેવડી દરવાજો સાક્ષી રહ્યો છે, જૂનાગઢ હવેલીના મુખ્ય પુરૂષોત્તમ લાલજી મહારાજ છુપા વેશે મજેવડી દરવાજેથી રાજકોટ પહોંચતા હતા અને જૂનાગઢની દયનીય સ્થિતિ અંગે શામળદાસ ગાંધી, જામ સાહેબ વગેરે નેતાઓને વાકેફ કરતા હતા. ડો. જોશી કહે છે કે, જૂનાગઢની આઝાદીનો ઘટનાક્રમ તો બહુ મોટો છે, મુંબઈમાં ૨૫ સપ્ટેમ્બર, ૧૯૪૭ના રોજ માધવબાગમાં મળેલી સભામાં આરઝી હકૂમતની રચના થઈ. તેનું પ્રમુખપદ શામળદાસ ગાંધીને સોંપવામાં આવ્યું. આરઝી હકૂમતના અન્ય મંત્રીઓમાં દુર્લભજી ખેતાણી, ભવાનીશંકર ઓઝા, સૂરગભાઈ, મણિલાલ દોશી અને નરેન્દ્ર નથવાણીનો સમાવેશ કરવામાં આવ્યો. પાછળથી આ મંત્રીમંડળમાં પુષ્પાબેન મહેતાને પણ સમાવવામાં આવ્યા. આ લડતમાં લોક સેનાના સર સેનાપતિ રતુભાઈ અદાણી, ઉપરાંત ઢેબરભાઈ દરબાર ગોપાલદાસ દેસાઈ, રસિકલાલ પરીખ, જેઠાલાલ જોશી, મોહનલાલ મહેતા, ચીમનલાલ શાહ, ગોકુળદાસ ગગલાણી સહિત અન્ય નામી અનામી લોકો આગેવાનોનું ખૂબ મહત્વનું પ્રદાન રહ્યું છે.

આરઝી હકૂમતે રાજકોટમાં જૂનાગઢ રાજ્યની સત્તાનું સુકાન સંભાળ્યું. સૌ પ્રથમ જૂનાગઢ રાજ્યનું રાજકોટ ખાતેનું જૂનાગઢ હાઉસ કબજે કર્યું. ત્યારબાદ તબક્કાવાર કુંકાવાવ નજીકના અમરાપુર, ગાધકડા, નવાગઢ, કુતિયાણા સહિતના આરઝી હકુમતે ગામડાઓ સર કર્યા અને ગામે ગામ આરજી હકૂમતનો ઢંઢેરો પીટાવવા લાગ્યો. જેથી નવાબ જૂનાગઢ છોડી પાકિસ્તાન નાસ્યાં.

અંતે ૮ નવેમ્બર ૧૯૪૭ના રોજ દિવાન ભુટ્ટોએ હાર માની જુનાગઢ છોડી, જૂનાગઢનો કબજો લેવા ભારત સરકારને અરજ કરી, આ સંદર્ભેનુ રાજકોટના પ્રાદેશિક કમિશનર નિલમ બુચને પણ પત્ર લખ્યો. શામળદાસ ગાંધીને પણ જાણ કરવામાં આવી. ૯મી નવેમ્બરના પ્રાદેશિક કમિશનર નીલમભાઈ બુચ અને ડિફેન્સ ફોર્સના કમાન્ડર ગુરુ દયાલસિંગ પોતાના જવાનો સાથે જૂનાગઢ આવી પહોંચ્યા. આમ, કેપ્ટન હાર્વે જોન્સ અને જૂનાગઢના સેક્રેટરી પાસેથી નિલમભાઈ બુચે જૂનાગઢનો ચાર્જ સંભાળ્યો. આરઝી હકૂમતના વડાપ્રધાન શામળદાસ ગાંધી સહિતના નેતાઓનું જૂનાગઢમાં ભવ્ય સ્વાગત કરાયું. શામળદાસ ગાંધીએ ઐતિહાસિક ઉપરકોટના કિલ્લા પર આરઝી હકૂમતના આગેવાનો અને લોકસેનાની ઉપસ્થિતિમાં રાષ્ટ્ર ધ્વજ -તિરંગો લહેરાવવામાં આવ્યો હતો.

ધર્મોત્સવની સાથે સાથે રાષ્ટ્રપ્રેમ અંતર્ગત

## જૂનાગઢમાં સ્વામિનારાયણ મુખ્યમંદિર ખાતે ૭૮માં સ્વાતંત્ર્ય પર્વની ભાવભક્તિ સાથે ઉજવણી


















જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ શહેરમાં આવેલા જવાહર રોડ સ્થિત સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે શ્રાવણ માસનાં વિવિધ ધાર્મિક ઉત્સવો ઉજવવામાં આવી રહયા છે ત્યારે ધર્મોત્સવની સાથે રાષ્ટ્રભાવનાસભર કાર્યક્રમ પણ યોજવામાં આવી રહેલ છે.

ભારતનાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ સમગ્ર દેશ હર ઘર ત્રિરંગા અને ૭૮માં સ્વાતંત્ર્ય પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી રહયું છે ત્યારે જૂનાગઢ ખાતે આવેલ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે ૭૮માં સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

પુર્વ ચેરમેન પુ.દેવનંદન સ્વામિની પ્રેરણા તેમજ ચેરમેન પુ.પુરૂષોતમપ્રકાશદાસજી (પી.પી.સ્વામી) તેમજ કોઠારી શાસ્ત્રી પુ.પ્રેમ સ્વરૂપદાસજી તેમજ સંતોના માર્ગદર્શન હેઠળ આજે ૭૮માં સ્વાતંત્ર્ય પર્વ પ્રસંગે ધ્વજવંદન સહિતના કાર્યક્રમ યોજાયા હતા. મંદિરના પટાંગણમાં ધ્વજવંદન કરાયું હતું. આ તકે સર્વે સંતો શ્રી વિવેકભાઈ ગોહેલ તેમજ ટ્રસ્ટી મંડળના સભ્યો ખાસ ઉપસ્થિત રહયા હતા. આજે મંદિરમાં બિરાજતા સિધ્ધેશ્વર મહાદેવ સહિતનાં દેવોને રાષ્ટ્રભક્તિનાં પ્રતિક સમા તિરંગા સમા વાઘાનો અદ્‌ભુત શણગાર કરવામાં આવ્યો હતો તેમ પ્રફુલભાઈ કાપડીયાની યાદીમાં જણાવેલ છે.

## જૂનાગઢ ગીરનાર ઉપર શક્તિપીઠ અંબાજી માતાજીને તિરંગાનો શણગાર





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૫

જૂનાગઢ ગિરિવર ગિરનારના ૫૦૦૦ પગથિયે અને સાડા ત્રણ હજાર ફીટની ઊંચાઈ ઉપર આવેલી શક્તિપીઠ માતા અંબાજીના મંદિર ખાતે આજે દેશના ૭૮ માં સ્વાતંત્ર પર્વ નિમિત્તે મંદિરના મહંત શ્રી તનસુખગીરી બાપુ દ્વારા પુજારી ઓએ માતાજીને આજે ત્રિરંગા સાડી નો સિંગાર કરવામાં આવ્યો હતો અને માતાજીની ગોખમાં ધ્વજવંદન સાથે રાષ્ટ્રગીત અને ગિરનાર આવેલા યુવાનોએ પણ મંદિર પરિસર ખાતે સુંદર મજાનો ધ્વજવંદનનો કાર્યક્રમ આપી દર્શને પધારેલા ભાવિકોએ માતાજીના ત્રિરંગાની સાડી ના દર્શન કરી અને ધન્યતા અનુભવી હતી

## પ્રાંચી તીર્થ ખાતે કોળી સમાજમાં રવિવારે વિનામૂલ્યે નેત્ર નિદાન, હાર્ડવૈદ, જનરલ ચેકઅપ કેમ્પનું આયોજન




(પ્રતિનિધિ દ્વારા)

પ્રાંચી તીર્થ તા.૧૫

પ્રાંચી તીર્થ ખાતે તા.૧૮-૮-૨૪ને રવિવારના રોજ શ્રી કોળી સમાજ ભવન વેરાવળ - કોડીનાર હાઈવે રોડ ઉપર વિના મૂલ્ય શ્રી સદગુરૂ સુપર મેગા નેત્રયજ્ઞ નિદાન કેમ્પ તથા હાર્ડવૈદ, જનરલ ચેકઅપ કેમ્પ રાખવામાં આવેલ છે. જેમાં રણછોડદાસજી આંખની હોસ્પિટલ રાજકોટના સેવાભાવી ડોક્ટરો તથા સ્ટાફ પોતાનું યોગદાન આપશે તથા હાર્ડવૈદ હમીરભાઈ તથા ડો. ભગીરથસિંહ રાઠોડ માધવ ક્લિનિક ઘંટીયા ફાટક પોતાની સેવાઓ આપશે આ વિનામુલ્યે સદગુરૂ નેત્રયજ્ઞમાં આંખના રોગોનું નિદાન કરી જરૂરીયાતવાળા મોતીયાના દર્દીને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલની બસમાં લઈ જઈ અન્યાધુનિક ફેકો મશીન દ્વારા ટાંકા વગરનું સારામાં સારા સોફ્ટ ફોલ્ડેબલ લેન્સ(નેત્રમણી) સાથે વિનામુલ્યે ઓપરેશન કરી આપવામાં આવશે. આવનાર દરેક દર્દીઓને રહેવા, જમવા, શુધ્ધ ઘીનો શીરો, ચા-પાણી, નાસ્તો, ચશ્માં, દવા, ટીપા મફત આપવામાં આવશે. આ ઉપરાંત ઓપરેશન થયા બાદ દર્દીઓને કેમ્પના સ્થળે પરત મુકવાની પણ વ્યવસ્થા હોસ્પિટલ તરફથી કરવામાં આવી છે. આ કેમ્પમાં દર્દીઓને કોઇ પ્રકારની તકલીફ ન પડે તે માટે રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ દ્વારા બધા જ પ્રકારની વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. આ ઉપરાંત દરેક દર્દીને કોઈ બિમારી હોય તો પણ તેની તકેદારી રાખીને તેનું નિદાન કરવામાં આવનાર છે. આ કેમ્પના આંખના દર્દીઓને બહોળી સંખ્યામાં લાભ લેવા પત્રકાર જાદવભાઇ ચુડાસમા પ્રાચી તીર્થ મો. ૯૯૭૮૫ ૨૩૧૮૨ ગાયત્રી સ્ટીલ એન્ડ પ્લાસ્ટિક વેર, ગાયત્રી સ્ટીલ એન્ડ કિચન વેર માધવરાય રોડ મોક્ષ પીપળાની બાજુમાં સંપર્ક કરવા દર્દીને અનુરોધ કરાયો છે.

## ૧૫મી ઓગસ્ટ નિમિતે શ્રી કષ્ટભંજનદેવ દાદાને દાદાને તિરંગાનો દિવ્ય શણગાર



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૧૫

સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પણ શ્રાવણ મહિનાની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. આજે પ.પૂ શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી પ્રેરણા અને કોઠારીશ્રી વિવેકસાગર સ્વામિના માર્ગદર્શનથી શ્રાવણ માસ અંતર્ગત તા.૧૫-૦૮-૨૦૨૪ને ગુરવારના રોજ શ્રી કષ્ટભંજનદેવ દાદાને તિરંગાનો ફુલો વડે દિવ્ય શણગાર કરી સવારે ૦૫:૪૫ કલાકે શણગાર આરતી પ.પૂ શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી - અથાણાવાળા દ્વારા કરવામાં આવેલ. શ્રાવણ માસ દરમિયાન શ્રી હનુમાન ચાલીસા પાઠ અનુષ્ઠાનનુ આયોજન કરવામાં આવેલ. હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ અનેરા દર્શનનો તેમજ મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ હતો. આજે કરાયેલાં શણગાર અંગે પૂજારી સ્વામીએ જણાવ્યું કે, આજે સમગ્ર દેશમાં આઝાદીના પર્વની ઉજવણી થઈ રહી છે. ત્યારે સાળંગપુરમાં શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર ખાતે પણ ૧૫ ઓગસ્ટની વિશેષ ઉજવણી કરવામાં આવી રહી છે.

આજે દાદાને ત્રિરંગાની થીમવાળા વિશેષ વાઘા અને સિંહાસને લાલ કિલ્લાની પ્રતિકૃતિ અને ગુલાબ અને ગલગોટાના ફુલનો શણગાર કરાયો છે. આ સાથે મંદિર અને પરિસરમાં ૧૦૦થી વધુ ત્રિરંગા લહેરાવામાં આવ્યા છે. દાદાના વિશેષ વાઘા રાજકોટમાં ૭ દિવસની મહેનતે બન્યા છે અને લાલ કિલ્લાની પ્રતિકૃતિ બનાવતા ૭ દિવસનો સમય લાગ્યો હતો અને અહીં શણગાર કરતાં ૬ સંતો, પાર્ષદ અને ભક્તોને ૩ કલાકનો સમય લાગ્યો હતો. શ્રાવણ માસ દરમિયાન શ્રી હનુમાન ચાલીસા યજ્ઞ અનુષ્ઠાન તેમજ શ્રીહરિ મંદિરમાં દિવ્ય હિંડોળાના આ અનેરા દર્શનની સાથોસાથ આજે મંદિરના પટાંગણમાં આવેલ યજ્ઞશાળામાં મારુતિ યજ્ઞના દર્શનનો લાભ હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન લઈ ધન્યતાનો અનુભવ કરેલ હતો.

## વિસાવદર આદર્શ બ્રહ્મ સમાજના પ્રમુખ તરીકે ચંદ્રેશ મહેતાની વરણી



(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૧૫

વિસાવદરતા. વિસાવદર બ્રહ્મ સમાજ દ્વારા તાલુકા પંચાયતના નિવૃત કર્મચારી અને બ્રહ્મ સમાજના ધુરંધર આગેવાન ચંદ્રેશ મહેતાની તાજેતરમાં યોજાયેલ મિટિંગમાં વર્ષ ૨૦૨૪-૨૫ના વર્ષના પ્રમુખ તરીકે વરણી કરાયેલ છે. ત્યારે નવા બનેલા પ્રમુખ વર્ષો સુધી તાલુકા પંચાયત વિસાવદરમાં ફરજ બજાવી તાજેતરમાં નિવૃત થયેલ તેઓ છેલ્લા ઘણા સમયથી નિવૃત્તિ બાદ પણ સતત બ્રહ્મ સમાજના તથા દરેક સમાજના લોકોને હમેશા કોઈને કોઈ પ્રકારે ઉપયોગી થતા રહ્યા છે તેઓની સેવાકીય પ્રવૃત્તિઓથી પ્રેરાઈ આદર્શ બ્રહ્મ સમાજના પ્રમુખ તરીકે તેમને જવાબદારી સોપાઈ છે ત્યારે તેઓ દ્વારા આગામી રક્ષાબંધન બળેવના દિવસે સમૂહ જ્ઞાતિ ભોજન તથા વડીલ વંદના વડીલોનું સન્માન તથા બ્રહ્મ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માનનો ત્રિવિધ કાર્યક્રમ વિસાવદર બ્રહ્મ સમાજની વાડી કાબરા દરવાજા પાસે તા.૧૯-૮-૨૪ના રોજ સવારના ૧૦-૩૦ કલાકથી રાખેલ છે જેની તડામાર તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે તથા બ્રહ્મ બંધુઓને આ અંગેના આમંત્રણ મોકલાઈ રહ્યા હોવાનું એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## ગુજરાત સ્ટેમ ક્વિઝ ૩.૦ : ધ જર્ની ઓફ ન્યુ જનરેશન એક મિલિયન તેજસ્વી યુવાનોને મળશે નવી તકો




(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૫

સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST), ગુજરાત STEM ક્વિઝ ૩.૦–ધ જર્ની ઓફ એ ન્યૂ જનરેશનનાં શુમારંભની ગર્વથી જાહેરાત કરે છે, ભારતનો સૌથી મોટો અને સૌથી મહત્વાકાંક્ષી વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત(STEM) ક્વિઝ પ્રોગ્રામ. દેશભરના વિવિધ બોર્ડ અને રાજ્યોમાંથી ૧૦,૧૨,૫૩૯ વિદ્યાર્થીઓની અભૂતપૂર્વ નોંધણી સાથે, ગુજરાત STEM ક્વિઝ ૩.૦ એ દેશની સૌથી મોટી STEM ક્વિઝ તરીકે પ્રસ્થાપિત થઈ છે, જે શૈક્ષણિક જગતમાં એક નવો માપદંડ સ્થાપિત કરે છે. ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા, વિશ્લેષણાત્મક વ્રુત્તિ અને સમસ્યા હલ કરવાની કુશળતાને પ્રોત્સાહન આપવા માટે રચાયેલ ગુજરાત STEM ક્વિઝ ૩, યુવા વિદ્યાર્થીઓને ક્વિઝ-આધારિત શિક્ષણમાં જોડાવા માટે એક અનન્ય પ્લેટફોર્મ પૂરું પાડે છે. આ પહેલ માત્ર STEM વિષયોમાં તેમના જ્ઞાનને મજબૂત બનાવે છે એટલું જ નહીં પરંતુ તેમને આપણા રાષ્ટ્રના ભાવિ નેતાઓ અને સંશોધકો બનવા માટે પણ તૈયાર કરે છે. આ પ્રસંગે ગુજરાત સરકારનાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનાં અગ્ર સચિવ મોના ખંધાર, IAS જણાવ્યુ હતું કે ગુજરાત STEM ક્વિઝ ૩.૦ એ વૈજ્ઞાનિક જિજ્ઞાસા કેળવવા અને યુવા વિદ્યાર્થીઓને કેળવવા માટેનું એક આદર્શ પ્લેટફોર્મ છે. આ ક્વિઝમાં સામેલ થવાથી વિદ્યાર્થીઓના STEM વિષયનાં જ્ઞાનમાં વધારો થશે અને ભવિષ્યના નેતૃત્વ માટે જરૂરી કૌશલ્યોનો વિકાસ થશે. ભારતભરના વિદ્યાર્થીઓ માટે એક વિસ્તૃત અને સમૃદ્ધ પ્લેટફોર્મ પ્રદાન કરવામાં અમને ખૂબ જ ગર્વ છે. રાષ્ટ્રવ્યાપી વિદ્યાર્થીઓની જબરજસ્ત ભાગીદારી આપણા દેશના ભવિષ્યને ઘડવામાં STEM શિક્ષણની નિર્ણાયક ભૂમિકાને પ્રકાશિત કરે છે. આ ક્વિઝ દ્વારા, અમારો ઉદ્દેશ્ય વિજ્ઞાન અને ટેક્નોલોજી પ્રત્યે જુસ્સો જગાડવાનો છે, વિદ્યાર્થીઓને નવા આયમો શોધવા અને નવીનતાની સીમાઓને આગળ વધારવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. સ્પેસ એપ્લીકેશન સેન્ટર(SAC-ISRO), ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર(BARC), મુંબઈ, ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO), અને નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU), ગાંધીનગર જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ ભારતની આ સૌથી મોટી સ્ટેમ ક્વીઝમાં સહયોગી સંસ્થાઓ છે. આ ઉપરાંત ગુજરાત સાયન્સ સિટી વેન્યુ પાર્ટનર તેમજ મીડિયા પાર્ટનર તરીકે DD ગિરનાર અને ટેકનોલોજી પાર્ટનર તરીકે ગુજરાત ઈન્ફોર્મેટિક્સ લિમિટેડ(GIL) છે. ગુજરાત STEM ક્વિઝ ૩.૦ એ માત્ર એક સ્પર્ધા નથી પરંતુ તે એક શૈક્ષણિક સફર છે, જે વિદ્યાર્થીઓ અને શિક્ષકો બંનેને STEMની દુનિયામાં ઊંડા ઉતરવા માટે પ્રેરિત કરે છે. વિદ્યાર્થીઓને તેમની તૈયારીમાં મદદ કરવા માટે GUJCOST એ વિવિધ STEM વિદ્યાશાખાઓનાં ૭,૦૦૦ થી વધુ પ્રશ્નો સાથે કાળજીપૂર્વક ક્વિઝ બેંક તૈયાર કરી છે. વિદ્યાર્થીઓ પ્રથમ મોક ટેસ્ટમાં ભાગ લેશે, ત્યારબાદ સપ્ટેમ્બર ૨૦૨૪માં ઓનલાઈન પ્રિલિમિનરી ટેસ્ટ થશે. પ્રારંભિક રાઉન્ડમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓ રાજ્ય-સ્તરની STEM ક્વિઝમાં આગળ વધશે, જે નવેમ્બર ૨૦૨૪માં પ્રતિષ્ઠિત ગુજરાત સાયન્સ સિટી ખાતે ગ્રાન્ડ ફિનાલેમાં પરિણમશે. ટોચનું પ્રદર્શન કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને રૂા.૨.૦૦ કરોડના ઈનામોથી નવાજવામાં આવશે. તેમજ તેમને NFSU, ગાંધીનગર ખાતે બૂટ કેમ્પમાં જોડાવાની અને ડીઆરડીઓ, જોધપુર અને BARC, મુંબઈ, SAC-ISRO, અમદાવાદ જેવી અગ્રણી વૈજ્ઞાનિક સંસ્થાઓની મુલાકાત લેવાની અમુલ્ય તક મળશે. ગુજરાત STEM ક્વિઝ ૩.૦ એક પરિવર્તનશીલ અનુભવ બનવા માટે તૈયાર છે, જે આવનારી પેઢીના નાગરિકોને જાગૃત, વૈજ્ઞાનિક રીતે જાગૃત અને આવતીકાલના પડકારોનો સામનો કરવા માટે જરૂરી સમસ્યા-નિવારણ કૌશલ્યોથી સજ્જ બનવા માટે પ્રેરિત કરે છે. આ ઈવેન્ટ દેશભરની શૈક્ષણિક સંસ્થાઓનું વ્યાપક ધ્યાન આકર્ષિત કરશે, જે તેની પહોંચ અને અસરને આગળ વધારશે.

## જૂનાગઢ બ્રહ્માકુમારી દ્વારા આઝાદી પર્વની ઉજવણી



જૂનાગઢ તા.૧૫ : જૂનાગઢ બ્રહ્માકુમારી દ્વારા આઝાદીનો પર્વ ૧૫ ઓગસ્ટને ઉમંગ ઉત્સાહથી ઉજવણી જૂનાગઢ જીલ્લાના મુખ્ય સંચાલિકા બીકે દમયંતીદીદીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

